

# અધ્યાત્મ

વર્ષ : ૧ અંક : ૬ માર્ચ-૧૯૮૦

Statement about the ownership and other particulars about Magazine "Adhyatma" Monthly to be published in the issue every year after the last day of February.


Form - IV ( See Rule - 8 )

| | |
|---|---|
| (1) Place of Publication : | 'Adhyatma', Plot No. 1688 B, Sardarnagar, Bhavnagar. |
| (2) Periodicity of its publication : | Monthly. |
| (3) Printer's Name, Nationality and address : | Shri Narayan H. Jani, Indian, Plot No. 1688 B. Sardarnagar, Bhavnagar. |
| (4) Publisher's Name, Nationality and address : | Shri Narayan H. Jani, Indian, Plot No. 1688 B. Sardarnagar, Bhavnagar. |
| (5) Editor's Name, Nationality and address : | Shri Narayan H. Jani, Indian, Plot No. 1688 B. Sardarnagar, Bhavnagar. |
| (6) Name and addresses of the individuals who own the Magazine and pattners, shareholders holding more than one percent of the total capital : | The Magazine is owned by Pujya Shri Yogeshwarji, Sarva Mangal Cheritable Trust, Maninagar, Ahmedabad. |

Shri Narayan H. Jani hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Shri Narayan H. Jani
Publisher

Dated 10th March, 1980



શ્રી યોગેશ્વરજી

## હું શોધું છું

હું તો શોધું છું સઘળે રામ રે
શ્યામલ ગિરધારી

દિવ્યદેહ ધરીને આવો,
વાંસલડી મિષ્ટ વગાડો,
મારી સાથે આવી બિરાજો રે ... શ્યામલ ગિરધારી

મન અંતરે આશ તમારી,
તમે આવો કૃષ્ણ મુરારી,
તન મન ને દીધાં વારી રે ... શ્યામલ ગિરધારી

પૂજારણ બનું તમારી,
ચરણોમાં રાખો મુરારી,
ધન્ય કરો જીવનવાડી રે ... શ્યામલ ગિરધારી

આ જગમાં એકલજીવી,
એકલપંથી હું અજાણી,
મને સાથ ધરીને મુરારી રે ... શ્યામલ ગિરધારી

-સર્વેશ્વરી

પ્રયત્ન કર, પ્રયત્ન કર, પ્રયત્ન કર અને જોજે
એક દિવસ તારું ધ્યેય સિદ્ધ થઈ ગયું હશે.

— મા શ્રી સર્વેશ્વરી


**British Paints (India) Ltd.**

Parvati Chambers
Pratapnagar Road.
BARODA

## Alembic Chemical Works Co. Ltd.

Baroda – 390 003

*Manufacturers of :*

**Antibiotics, Ethical**

**Pharmaceutical and Home Products**

## The New Vinod Silk Mills Private Ltd.

Kasturchand Mills Estate, Dadar, Bombay

*Most trusted name for processing of*

*Polyester, Acrylic Polyester / Viscose Suitings & Shirtings*

*& Top Dyed Suitings & all Varieties of Synthetic Fabrics*


# અધ્યાત્મ


વર્ષ : ૧, અંક : ૬, છૂટક નકલ ૧-૨૫, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૨-૦૦, વિદેશમાં રૂા. ૧૦૦-૦૦ (વિમાનથી)

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ
સ્ટેશન રોડ, ભાવનગર-૩૬૪૦૦૧


## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની: તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| અનાસક્તિ | ૫ | શ્રી યોગેશ્વરજી |
| "ગુરુકૃપાપાત્ર લાટુ" | ૭ | શ્રી નારાયણ હ. જાની |
| શ્રેયયાત્રા-(૬) | ૧૪ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| વજ્રાસન અને સુપ્તવજ્રાસન | ૨૦ | શ્રી મણિભાઈ શાહ |
| ક્યા કરના થા | ૨૩ | શ્રી યોગેશ્વરજી |
| મૃત્યુંજય અવસ્થા | ૨૪ | શ્રી ગોરધનભાઈ કલોલા |
| યોગિની યોગદત્ત | ૨૯ | શ્રી યોગેશ્વરજી |
| પ્રશ્નોત્તરી | ૪૦ | શ્રી યોગેશ્વરજી |
| 'ગીતાનો મર્મ' | ૪૩ | શ્રી નર્મદાશંકર પંડ્યા |
| સંતનું સર્વ કાંઈ મંગલકારક | ૪૪ | શ્રી જગદીશભાઈ ત્રિવેદી |
| પ્રકાશના પંથે | ૪૬ | શ્રી યોગેશ્વરજી |
| રામાયણનાં રત્નો | ૫૮ | શ્રી નાનુરામભાઈ દુધરેજિય |
| વંદન કરીએ | ૬૪ | શ્રી નિર્મળા મોહનલાલ ટેલર |



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૧ માર્ચ-૧૯૮૦ અંક : ૬


## અનાસક્તિ

**શ્રી યોગેશ્વરજી**

પદ્મ પાણીની વચ્ચે પ્રકટે છે પરંતુ એની અસરથી દેખીતી રીતે જ અલિપ્ત રહે છે. એનાં પત્રોને પાણીની અથવા કાદવની અસર થતી નથી. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં એની સ્મૃતિ કરાવતાં કહેવામાં આવ્યું છે કે **पद्मपत्रमिवांभसा.**

અગ્નિને ઊધઈ નથી લાગતી. મહામણિની પાસે મેલ નથી ટકતો. ચંદ્રની ચારે તરફ અસંખ્ય અભ્રોનાં આવરણો આવે છે તોપણ ચંદ્રની કે ચંદ્રની ચારુતા પર એમનો અલ્પ પણ પ્રભાવ નથી પડતો. ચંદ્ર અને એની ચારુતા એથી અલિપ્ત જ રહે છે. શાસ્ત્રો તથા સત્પુરુષોએ સંસારના વિરોધાભાસી વાયુમંડળની વચ્ચે, પારવિનાની પ્રતિકૂળ પરિસ્થિતિઓની વચ્ચે, એવી રીતે અસંગરીતે રહેવાનો સંદેશ પૂરો પાડ્યો છે અને એને અનાસક્તિનું નામ આપ્યું છે. અનાસક્તિ મનની અવસ્થા કે ભૂમિકા છે. એનો અર્થ પદાર્થોનો બાહ્ય પરિત્યાગ નથી. ઘર, કુટુંબ, પરિવાર પ્રવૃત્તિને પરિત્યાગીને દૂર સુદૂરવર્તી સરિતા-પ્રદેશ, ગિરિગહ્‌વર અથવા અરણ્યમાં જતા રહેવું એવો પણ નથી. જગતને ધિક્કારવું અને કર્તવ્યના અનુષ્ઠાનને તિરસ્કારવું એવો પણ નથી થતો. એનો અર્થ તો સૌમાં રહેવું. છતાં પણ સૌથી પર બનીને રહેવું, સૌની વચ્ચે વસવું છતાં પણ હૃદયમાં – અંતરના અંતરતમમાં કોઈને પણ ના વસાવવું, કોઈની મમતા અથવા આસક્તિ ના રાખવી

એવો થાય છે. તન સંસારમાં પરંતુ મન પરમાત્મામાં. શ્વાસ સ્થૂળ જટિલ જગતમાં પરંતુ વાસ સૂક્ષ્માતિસૂક્ષ્મ જગતના અધીશ્વરમાં.

પરમાત્માની પ્રીતિ વિના, અલૌકિક આત્મજ્ઞાન વિના, અથવા આત્મનિરીક્ષણ વિના, એવી અનાસક્તિનો આવિર્ભાવ નથી થતો. અને થાય છે ત્યારે સાચી સુખાકારી, શાંતિ તથા પ્રસન્નતાની પ્રાપ્તિ સહજ બને છે. જગત જગદીશ્વરની જ લીલા લાગે છે. બાધક બનવાને બદલે સાધક બને છે. પ્રવૃત્તિ અભિશાપરૂપ નહિ પરંતુ આશીર્વાદરૂપ ઠરે છે.

સમાજમાં ધનની, પદની, પ્રતિષ્ઠાની, સત્તાની, ઐશ્વર્યની, બાહ્ય સુખોપભોગની સ્પર્ધા અને એમાંથી પરિણમનારી આસક્તિ વધી જાય છે ત્યારે સમાજજીવન અસ્થિર, અવ્યવસ્થિત, અશાંત બને છે. એને સ્વસ્થ, સુવ્યવસ્થિત, શાંત રાખવા માટે પ્રત્યેક વ્યક્તિએ પોતપોતાના સ્થાનમાં સમ્યક્ રીતે શ્વાસ લેતાં અનાસક્ત રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. આરંભમાં એવો પ્રયાસ કરવો પડે છે અને આગળ પર એ પ્રયાસ સહજ બને છે.

આસક્તિ બંધન છે. અનાસક્તિ જીવનમુક્તિની કલ્યાણકેડી છે.

(નડિયાદ ૨-૩-૧૯૭૯ શુક્રવાર)

❁

## જાતમાં વિશ્વાસ

સાચી શ્રદ્ધાની ભાવના આપણામાં જાગ્રત થવી જોઈએ. આપણી પોતાની જાતમાં વિશ્વાસ પેદા કરવો જોઈએ. અને તો જ આપણા દેશ સમક્ષ પડેલી સમસ્યાઓનો ઉકેલ આપણે આપણી જાતે જ ધીરે ધીરે શોધી શકીશું.

વિવેકાનંદ



# "ગુરુકૃપાપાત્ર લાટુ"

શ્રી નારાયણ હ. જાની

સંત પુરુષના સંસ્પર્શે માણસનું આખું કલેવર કેવું બદલાઈ જાય–એનું જીવંત ઉદાહરણ શ્રી રામકૃષ્ણ પરમહંસના ભક્ત લાટુનું છે. જેમ પારસમણિના સ્પર્શે ધાતુનું સુવર્ણ થઈ જાય, તેમ આ સાવ અભણ ને કોઈ પણ પ્રકારની શૈક્ષણિક લાયકાત વગરના લાટુ,–બ્રહ્મનું ઊંડું જ્ઞાન ધરાવતા–સ્વામી અદ્‌ભુતાનંદ બની ગયા! ગુરુકૃપાનો કેવો અદ્‌ભુત ચમત્કાર!

શ્રી લાટુનું મૂળ નામ રખતુરામ હતું, પરંતુ પરમહંસદેવ એને લાટુના લાડલા નામે બોલાવતા. લાટુનું રામકૃષ્ણદેવ પાસે કેવા અગમ્ય રીતે આવવાનું થયું, તેનો વિચાર કરતાં લાગે છે કે વિધિએ કેવી અદ્‌ભુત રીતે એમના શિષ્ય સમુદાયને દૂર દૂરના ખૂણાઓથી કેવા ખેંચી લાવીને ભેગા કરી દીધા!

બિહારના કોઈ ગામડાના ગરીબ કુટુંબમાં એનો જન્મ થયેલો. નાનો હતો ત્યાં જ માબાપ બંને મૃત્યુ પામ્યાં. લાટુ બાળપણમાં જ નિરાધાર બન્યો. એના કાકા એની સંભાળ રાખવા લાગ્યા. પરંતુ બિહારના નાના ગામડામાં રોજી મેળવવાનું મુશ્કેલ બનતાં લાટુના કાકા કલકત્તા નોકરીની શોધમાં આવ્યા. હવે લાટુને પણ કામધંધો શોધવાની ફરજ પડી. અભણ હોવાથી એ કરી પણ શું શકે? ભાગ્યવશાત્ એને ઘરકામ મળ્યું અને તે પણ શ્રી રામચંદ્ર દત્તના ઘરમાં કે જેઓ શ્રી રામકૃષ્ણદેવના ભક્ત હતા. કલકત્તાનાં હજારો કુટુંબોમાંથી એનું ભાગ્ય એને આ દત્ત કુટુંબમાં ખેંચી લઈ આવ્યું. જે છેવટે શ્રી રામકૃષ્ણદેવ પાસે એને પહોંચાડવામાં નિમિત્તરૂપ બન્યું.

આ નવા ઘરમાં લાટુ થોડા જ વખતમાં ઉપયોગી અને કામગરો સાબિત થયો. પરંતુ તે થોડો સ્વાભિમાની હતો અને કેટલીક વખત અણઘડપણાની પ્રતીતિ કરાવે એટલી હદે સ્પષ્ટ વક્તા બની જતો. વળી માણસ ગમે તેવો મોટો હોય છતાં તેને તે માન ન આપતો.

એક પ્રસંગે એવું બન્યું કે લાટુને શ્રી રામચંદ્ર દત્તે કંઈ ખરીદવા થોડા પૈસા આપ્યા. તે વખતે તેમના કોઈ સ્નેહી પાસે બેઠેલા હતા. તેમણે સામાન્ય રીતે હળવાશથી કહ્યું કે, “ આમાંથી આ છોકરો પૈસા તો ચોરી નથી લેતોને ? ” લાટુએ આ શબ્દો સાંભળ્યા અને તેનો સ્વમાની સ્વભાવ ઉત્તેજિત થઈ ગયો. એણે પોતાને આવડતી ભાંગીતૂટી બંગાળી ભાષામાં પેલા ગૃહસ્થને સંભળાવી દીધું કે ‘ યાદ રાખો મહાશય, હું ઘરનો નોકર છું, ચોર નથી. ’ એણે આ શબ્દો એવી રીતે કહ્યા કે પેલા સ્નેહીજનને એમ લાગ્યું કે એક ઘરનો નોકર–છોકરડો આમ મારી સામે બોલવાની હિંમત કરે ! એમણે શ્રી રામચંદ્ર દત્તને પણ ફરિયાદ કરી. પરંતુ તેમણે તે કાને ધરી નહિ. તેઓ લાટુને બરાબર ઓળખતા હતા એટલે એમને લાટુ પ્રત્યે કદી અવિશ્વાસ થયો નહિ.

લાટુ શ્રી રામચંદ્ર દત્તના ઘરમાં નોકર તરીકે જોડાયો તે પહેલાં જ તેઓ શ્રી રામકૃષ્ણ પરમહંસના ભક્ત બની ચૂક્યા હતા. આથી ઘરમાં ઘણી વાર ભગવાન વિષેની વાતો થતી. રામચંદ્ર ઘણી વાર કહેતા કે જે કોઈ સાચા ભાવથી ઈશ્વરને શોધે છે, તેને ભગવાન જરૂરથી મળે છે. વળી ઈશ્વરને મેળવવા માટે માણસે એકાંતમાં જઈ પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ અને તેનાં દર્શન માટે તલપાપડ થઈને રડવું જોઈએ ! ત્યારે તેનું દર્શન અવશ્ય થાય છે.

રામચંદ્ર દત્તની આ વાતો શ્રી રામકૃષ્ણ પરમહંસના ઉપદેશના આધારે જ બોલાતી હતી. પરંતુ લાટુને આ ઉપદેશ



ખૂબ અસર કરી ગયો ! એટલું જ નહિ, પરંતુ તેણે એ પ્રમાણે પ્રભુને એકાંતમાં રડીને પ્રાર્થના કરવાનું પણ શરૂ કરી દીધું. એના નિર્દોષ ને ભોળા હૃદયે ઈશ્વરપ્રાપ્તિના આ સરળ સાધનને સ્વીકારી લીધું.

તે ઘણી વાર કામળો ઓઢી સૂઈ જતો ને પ્રભુને ગદ્દગદ્દ કંઠે પ્રાર્થના કરતાં ચોધાર આંસુએ રડી પડતો. ઘરની સ્ત્રીઓ ઘણી વાર તેને આમ રુદન કરતો જોતી. એમને થતું કે લાટુને એનાં માબાપ, કાકા કે પોતાના વતનની યાદ આવવાથી આમ થતું હશે. એમ વિચારી એના પ્રત્યે એમને અનુકંપાય થતી. પરંતુ લાટુએ પોતાની સાચી વાત કદી કોઈને કહી નહિ. જીવનભર એણે આ અંગે ચૂપકીદી સેવી. કેવો અજબ આત્મસંયમ !

ઘરમાં વાતચીતમાં લાટુ ઘણી વાર શ્રી રામચંદ્રના મુખે, પરમહંસ શ્રી રામકૃષ્ણદેવનું નામ સાંભળતો. આથી એમનાં દર્શન કરવા એ ખૂબ ઉત્સુક હતો. અચાનક એક દિવસ એને દક્ષિણેશ્વર જવાનો સંયોગ પ્રાપ્ત થયો. એને શ્રી રામકૃષ્ણ-દેવના સાંનિધ્યમાં ખૂબ સારું લાગ્યું. બીજી વાર જ્યારે એ દક્ષિણેશ્વર પહોંચ્યો ત્યારે શ્રી રામકૃષ્ણદેવ ખાવા બેસતા હતા. એમણે લાટુને ભોજનમાંથી થોડો ભાગ આપવા માંડ્યો, પરંતુ એણે તે લેવાની ના પાડી. આમ છતાં શ્રી રામકૃષ્ણદેવે આગ્રહ ચાલુ રાખ્યો અને તેઓ ગંગાજળનો એક પ્યાલો ને કેળના પાનની પાતર લઈ આવ્યા. છતાં લાટુએ ના પાડી. આથી એમણે કહ્યું, “ ભાઈ, આ રસોઈ તો ગંગાજળમાં રંધાઈ છે ને આ તો મા કાલીનો પ્રસાદ છે. તું શા માટે ખાવાની ના પાડે છે ? ”

રૂઢિચુસ્ત હિંદુની જેમ ગમે તે જાતિના માણસના હાથ-નું રાંધેલું ન ખાવું એ લાટુનો સ્વભાવ હતો. એટલે એણે શ્રી રામકૃષ્ણદેવને પ્રસાદ લેવાનો આગ્રહ ન કરવા વિનંતી કરી. પરન્તુ પાછળથી કોણ જાણે કેમ એણે નમતું મૂકી દીધું. આમ કેમ થયું એની એનેય ખબર ન પડી. એણે નમ્રતાથી કહ્યું, "ભલે, એ આપનો પ્રસાદ છે, માટે હું ખાઈશ" અને એણે એ પ્રસાદ ખાધો.

લાટુ થોડા વખતમાં શ્રી રામકૃષ્ણનો ભક્ત બની ગયો. હવે એ પહેલાંના જેવા ઉત્સાહથી ઘરકામ કરી શકતો નહિ. એનો એક માત્ર આનંદ શ્રી રામચંદ્ર દત્ત, મીઠાઈની ભેટ શ્રી રામકૃષ્ણને દક્ષિણેશ્વર પહોંચાડવાની કામગીરી સોંપે તેમાં સમાઈ જતો. તેનો ઘરકામમાં ઓસરતો જતો ઉત્સાહ, કુટુમ્બ-નાં સહુ સભ્યો સમજતાં, છતાં તેના પ્રત્યેના આંતરિક પ્રેમને લીધે, તેને આ બાબતનો કદી ઠપકો સુદ્ધાં આપતાં નહિ.

ઇ. સ. ૧૮૮૦ શ્રી રામકૃષ્ણદેવ દક્ષિણેશ્વરથી કામાર-પુકુર ગયા. આ એમની છેલ્લી મુલાકાત હતી. પરન્તુ શ્રી રામકૃષ્ણદેવની ગેરહાજરીથી લાટુને ઘણું દુઃખ થતું. આ ગાળામાં પણ એ દક્ષિણેશ્વર કોઈ કોઈવાર જતો, પરન્તુ એનાથી તો એની રામકૃષ્ણદેવના વિરહની લાગણી ખૂબ પ્રબળ બની જતી. આ પ્રસંગોને યાદ કરી, પાછલાં વર્ષોમાં એ કહેતા કે "એ સમયે મને કેવું દુઃખ થતું, એની તમે કલ્પના પણ નહિ કરી શકો. હું ત્યાં રામકૃષ્ણદેવના ઓરડામાં જતો કે પાસેના બગીચામાં ફરતો.... પરન્તુ મને બધું સાવ સૂનુંસૂનું લાગતું. મારું હૃદય ખૂબ ભારે થઈ જતું. ત્યારે એમના વિરહની વ્યથા-માં મારાથી રડી પડાતું. મારી આ સ્થિતિનો કંઈ અંશે ખ્યાલ શ્રી રામચંદ્રને આવતો. એથી એમણે મને શ્રી રામકૃષ્ણદેવ-નો એક ફોટો આપેલો.



કામારપુકુરથી પાછા ફર્યા પછી, શ્રી રામકૃષ્ણદેવને એક અંગત સેવકની જરૂર જણાઈ. એમણે આ માટે શ્રી રામચંદ્રને વાત કરી અને એમણે લાટુને આપવાની સંમતિ આપી. બસ, લાટુનું ભાગ્ય ફરી ગયું! જેની એ તીવ્રતાથી ઝંખના કરતો હતો એ સેવા–શ્રી રામકૃષ્ણદેવની સેવ–એને સહજ રીતે પ્રાપ્ત થઈ ગઈ!

હવે એ રામકૃષ્ણદેવનો અંગત સેવક બની ગયો. એમની ખરા દિલથી સેવા એ જ એની આધ્યાત્મિક સાધના બની ગઈ! ગુરુની સેવા અને એમની આજ્ઞાઓનું અક્ષરશઃ પાલન એ એનો જીવનમંત્ર બની ગયો. પ્રભુને પ્રાપ્ત કરવાનો એ સાધન-પથ થઈ ગયો!

શ્રી રામકૃષ્ણદેવ એને સહેજ પણ કોઈ બાબત વિષે ટોકતા તો તે પ્રત્યે એ ખૂબ સજાગ બની જતો અને એવી ભૂલ કદી ન થાય તેની કાળજી રાખતો. એક દિવસે સંધ્યા સમયે સૂવા બદલ એનો ઠપકો આપતાં કહ્યું, 'અત્યારે તું ઊંઘીશ તો પ્રભુનું ધ્યાન ક્યારે ધરીશ?' બસ. આટલી ગુરુની ટકોર પણ એ સહન ન કરી શક્યો. તે પછી સાંજે તો નહિ, પરંતુ રાતે પણ સૂવાનું એણે બંધ કરી દીધું. હવે તે આખી રાત જાગીને ધ્યાન કરતો. જો કે દિવસ દરમ્યાન તે થોડો આરામ લઈ લેતો.

એ સાવ અભણ ગામડિયો હતો. રામકૃષ્ણદેવ પોતે પણ ખાસ ભણ્યા ન હતા, છતાં તેમણે લાટુને થોડું વાંચતાં શીખવવા પ્રયત્ન કર્યો પરન્તુ લાટુને અક્ષરો કેમેય કરી બેસે જ નહિ. એના રમુજ ઉપજાવે એવા હિન્દી ઉચ્ચારોથી રામકૃષ્ણ-દેવને હસવું આવતું અને એમને હસતાં જોઈને, લાટુ પોતે પણ ખડખડાટ હસી પડતો. આખરે રામકૃષ્ણદેવે અશક્ય સમજી એને ભણાવવાનું માંડી વાળ્યું.

શ્રી રામકૃષ્ણદેવના સ્વર્ગવાસ પછી, એમના જે અનુયાયીઓએ સંન્યાસદીક્ષા લીધી, તેમાં લાટુ સ્વામી અદ્ભુતાનંદ બન્યો. સંન્યાસી થયા પછી પણ એમનો બાળસહજ સ્વભાવ ને એમની હિંદી લઢણવાળી બોલી કાયમ જ રહ્યાં. ૧૯૨૦માં એમનો સ્વર્ગવાસ થયો. શ્રી રામકૃષ્ણ ભારપૂર્વક કહેતા કે હૃદયની સરલતા એ ઈશ્વર પ્રાપ્તિનો સહેલો માર્ગ છે. લાટુ એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. પાછલાં વર્ષોમાં, જ્યારે શિષ્યો એમની પાસે ઉપદેશ લેવા આવતા ત્યારે તેઓ તેમને ભગવાનનું નામજપ કરવાનું કહેતા. ત્યારે કોઈ પૂછતા, "જે ભગવાનને અમે કદી જોયા નથી, એનું શરણ અને સ્મરણ અમે કઈ રીતે કરીએ ?"

સ્વામી અદ્ભુતાનંદે તેનો જવાબ આપ્યો. "વાંધો નહિ, ભલે તમે એને કદી જોયો નથી, પરન્તુ એનું નામ તો તમે જાણો છો ને ? તમે કોઈ અધિકારીને મળવા જાવ ત્યારે તમે શું કરો છો ? તમે જે અધિકારીને ઓળખતા નથી કે જોયો નથી, તેને માત્ર તમારી અરજી કે ચિઠ્ઠી મોકલાવો છો, નહિ વારુ ! તમે તેનું નામ જ જાણો છો. આટલું બસ પૂરતું છે. એ જ પ્રમાણે તમે પ્રભુ સમક્ષ તમારી અરજી રજૂ કરો અને તમને જરૂરથી એની કૃપા મળશે."

"તમે જ્યારે શ્રી રામકૃષ્ણદેવની સેવામાં ઘણો બધો સમય રોકાયેલા રહેતા, ત્યારે તમે ભગવાનની પૂજા અને ધ્યાન માટે સમય કેવી રીતે કાઢી શકતા ?" તેનો જવાબ આપતાં તેઓ કહેતા "ગુરુની સેવા એ જ મારી સર્વશ્રેષ્ઠ પૂજા ને ધ્યાન બની રહેતાં."

રામકૃષ્ણદેવના બધા સંન્યાસી શિષ્યો લાટુને ખૂબ ચાહતા. નરેન્દ્ર (પાછળના સ્વામી વિવેકાનંદ) તેમના પ્રત્યે ખાસ ભાવ રાખતા અને તેમને હંમેશા લાટુભાઈ તરીકે બોલાવતા. લાટુ



એમને નરેનને બદલે 'લોરેન' કહીને બોલાવતા, કારણકે તેઓ નરેન્દ્ર નામનો સ્પષ્ટ ઉચ્ચાર કરી શકતા નહિ. નરેન્દ્ર હંમેશા કહેતો કે "લાટુ એ રામકૃષ્ણનો મોટામાં મોટો ચમત્કાર છે. કારણકે કોઈ પણ પ્રકારની શૈક્ષણિક તાલીમ વગર, ધર્મનાં ઘણાં ગહન રહસ્યો ને જ્ઞાન કેવળ રામકૃષ્ણદેવની સેવાના લીધે જ એમને પ્રાપ્ત થયાં હતાં. ગુરુની કેવી અનુપમ કૃપા ને શિષ્યની કેવી અદ્ભુત સેવાપરાયણતા !

(શ્રી ક્રિસ્ટોફર ઈશરવુડના "રામકૃષ્ણ
અને એમના શિષ્યો"ના આધારે)

*

## હું શું આપું ?

रत्नाकरोऽति सदनं गृहिणी च पद्मा
किं देयमस्ति भवतेजगदीश्वराय ।

राधागृहीतमनसेऽमनसे च तुभ्यं
दत मयानिजमनस्तदिदं गृहाण ॥

હે ભગવાન ! તને હું શું આપીને સંતુષ્ટ કરું ? રત્નાકર તો તારું ઘર છે, પદ્મહસ્તા લક્ષ્મી તારી પત્ની છે. અને તું પોતે જગતનો માલીક છો. તેથી તારી પાસે એવી કઈ વસ્તુ નથી જે આપીને તને સંતુષ્ટ કરું ?

મને લાગે છે કે તારી પાસે એક વસ્તુ નથી. અને તે તારું મન ! તારું મન રાધાજી (ભક્તો)એ ચોરી લીધું છે તેથી તું મન વિનાનો છો. માટે હે પ્રભુ આજે મેં મારું મન તને અર્પણ કર્યું જેનો તું સ્વીકાર કર.

# શ્રેયયાત્રા

શ્રી ભાઈલાલભાઈ છાટબાર

( ૬ )

## સાહિત્યમાધુરી અને સ્વામી શ્રી ભૂમાનંદજીની વાત :

ચાર–પાંચ દિવસ પછી તા. ૭–૧૧–'૫૨ની રાતનું પ્રવચન પૂરું થયું હતું. આજે પ્રવચનમાં મહાત્માજીએ મીરાંનું એક પદ ગાયું હતું. પ્રવચન અને ધૂન બાદ સત્સંગ–બેઠક શરૂ થઈ છે. હસ્તલિખિત પ્રતમાંથી સૂચવેલું વાચન મેં પૂરું કર્યું છે. તે ઉપરની વિચારોની આપ–લે થઈ ગઈ છે.

આ દિવસો દરમિયાન દસ–બાર નોટબૂકમાં લખાયેલ ગીતો, ભજનો અને ગદ્યકાવ્યો મેં વાંચેલ છે. મહાત્માજીનું આ બધું સાહિત્ય અતિ ઊંચી કક્ષાનું છે.

દસ વર્ષના સમયગાળા (૧૯૪૨–૫૨) દરમિયાન મેં શ્રેયસાધક અધિકારીવર્ગ (વડોદરા)ના 'મહાકાળ' અને 'પ્રાતઃકાળ' સામયિકોની જૂની ફાઈલો વાંચી છે. ભગવાન શ્રી નૃસિંહાચાર્યજીનું, ભગવાન શ્રી ઉપેન્દ્રાચાર્યજીનું તથા તેઓ બંનેના અંતેવાસી પરમ ભક્ત શ્રી વિશ્વવંદ્યનું કેટલુંક સાહિત્ય પણ વાંચી જવાનો સુઅવસર મને પ્રાપ્ત થયો છે.

ભગવાન શ્રી ઉપેન્દ્રાચાર્યજીના સત્સંગનો લાભ પામવાનું ૧૯૩૫ના મે–મહિનામાં મને સદ્ભાગ્ય સાંપડેલું. સ્મૃતિપટ ઉપર સુવર્ણ અક્ષરે અંકિત ૧૯૩૫ના મે–મહિનાની એક રાત્રિ છે. તે રાત્રિએ ભગવાન શ્રી ઉપેન્દ્રાચાર્યજી મારા મિત્ર રમેશભાઈને, તેના નાના ભાઈ ઉપેન્દ્રભાઈને, તેનાં બહેન–બનેવી સૌ. પ્રવીણાબહેન તથા ભૂપેન્દ્રભાઈ (ભગવાનશ્રીના અંતેવાસી)ને તથા મને વડોદરાના લક્ષ્મીપ્રતાપ થિયેટરમાં વિશ્વવિખ્યાત નૃત્યકાર શ્રી ઉદયશંકરના નૃત્ય–કાર્યક્રમમાં લઈ



ગયેલ. ભગવાનશ્રીએ તે રાતે પ્રથમ હરોળની પંદર બેઠક ખાસ અલાયદી સુરક્ષિત રખાવી હતી.

શ્રેયસાધક અધિકારીવર્ગનું બધું સાહિત્ય શિષ્ટ અને સુસંસ્કૃત ભાષામાં લખાયેલું છે. તેમાં શબ્દે શબ્દે માધુર્ય ટપકે છે. આપણા સાહિત્યના સાક્ષરયુગથી ગાંધીયુગ સુધીના પ્રમુખ સાહિત્યકારોની જાણીતી ગદ્ય–પદ્ય કૃતિઓ વાંચી ગયો છું. પરન્તુ શ્રેયસાધક અધિકારીવર્ગના સાહિત્યમાં રહેલ ભાષાનું સૌંદર્ય, ઊંચી કક્ષાની અભિવ્યક્તિ, સજીવતા અને શૈલી જુદી જ ભાત પાડતાં હોય તેવું અનુભવ્યું છે.

ભાષા અને ભાવની સમૃદ્ધિ એક વાર ફરીથી અહીં મહાત્માજીની કૃતિઓમાં જોવા મળે છે. અહીં તેઓશ્રીએ સુંદર, પ્રાણવાન અને સર્વસિદ્ધિને વરેલી માતૃભાષા દ્વારા ભારતને અને સંસારને આપણી માતૃભાષાનો અને તેની ભાવ-સંપત્તિનો સર્વશ્રેષ્ઠ પરિચય કરાવ્યો છે. તેઓશ્રીની ચિંતન સૃષ્ટિમાંથી નિર્માણ પામતી સર્જનસૃષ્ટિની સૂક્ષ્મતા અજોડ અને અપરિમેય છે. તેઓશ્રીની સાહિત્યકૃતિઓનું પઠન કરતાં, જે ઊંડા સુતીક્ષ્ણ આનંદની અનુભૂતિ થાય છે, તેની અમિટ છાપ હૃદય ઉપર કાયમ માટે અંકિત બની રહે છે.

મહાત્માજીના કયા પુસ્તકમાં કયી વાત કે કયો સંદેશો છે, તે બધી હકીકત તો મહત્ત્વની છે જ. પરન્તુ વિશેષ મહત્ત્વની વાત એ છે કે તે બધું વાંચતાં આપણામાં સુદૃઢ વિશ્વાસ બંધાયેલો રહે છે કે આથી વધારે સુંદર અને ચઢિયાતી પરિપૂર્ણ સૃષ્ટિ હોઈ જ શકે નહિ.

બહુવિધ સાધનમાર્ગોની દિશામાં તેઓશ્રી પ્રકાશ પ્રસરાવી રહ્યા છે. તેઓશ્રીના દૈનિક જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં અને પ્રેમમય વ્યવહારમાં યોગ, ભક્તિ, જ્ઞાન અને કર્મની સાધનાનો સમન્વય મૂર્તિમન્ત સ્વરૂપે પ્રત્યક્ષ થતો આપણે પળે પળે અનુભવીએ છીએ.

ભારતના મહર્ષિઓએ જે કંઈ અમુલખ વારસો આપ્યો છે, તે વારસાને તેઓશ્રીએ સાચવીને સમૃદ્ધ કર્યો છે. આ બહુમૂલ્ય વારસો દેશકાળથી પર અને ચિરંજીવ છે, એમ તેઓશ્રી આપણને સૌને પ્રતીતિ કરાવી રહેલ છે. પ્રાચીનકાળના મહર્ષિઓ પોતાના દર્શનમાં, ભૂત–વર્તમાન–ભવિષ્યથી, તેઓ પર હતા અને તેઓ સર્વકાળથી સંકલિત અને સંબંધિત હતા. એવી, તેઓની અનુભૂતિને વર્ણવે છે તે આપણે મહાત્માજીના વિચાર–વાણી–વ્યવહારના માધુર્ય દ્વારા, આપણામાં સંક્રાન્ત થતી અનુભવીએ છીએ.

મહાત્માજીનું સાહિત્ય સેવતાં જાણે કે આપણને પોતાની જાતનો પણ એક નવો પરિચય પામવાનું મળે છે. અનુભૂતિમૂલક કલ્પનાચિત્રોના તેઓશ્રીના તાદૃશ્ય આલેખનોમાં આપણે આપણા મનને નજરોનજર જોઈ શકીએ છીએ—આ વાત આ પહેલાં કદી સ્વપ્નમાં પણ આપણે વિચારી નથી હોતી....

મહાત્માજી હંમેશની માફક બારણાં પાસે ખુરશી ઉપર બેઠા છે. સૌ કોઈ નીકળવાની તૈયારીમાં છે અને સૌ એક પછી એક પ્રણામ કરીને બહાર નીકળે છે.

મહાત્માજીએ શ્રીમદ્ શંકરાચાર્યનું કૌપિનપંચક લયબદ્ધ મધુર અવાજે ગાવાનું શરૂ કર્યું છે. '**कौपिनवन्तः खलु भाग्यवन्तः**'...આ શબ્દોથી પૂરો થતો પ્રત્યેક શ્લોક હૃદયના તારને ઝણઝણાવી રહ્યો.

પ્રણામ કરીને હું બહાર નીકળ્યો હતો પરંતુ હવામાં વહી રહેલ આ મધુર સૂરોને ભાવવિભોર હૃદયે સાંભળતો સાંભળતો નજીકમાં જ સ્થિર થઈને ઊભો રહી ગયો.

ધીરે ધીરે સૂર વિરમ્યા અને મારા મન–હૃદયમાં સંવેદન જાગી ઊઠ્યું;—પ્રાચીન કાળના કોઈ ઋષિઆશ્રમમાં હું પહોંચી



ગયો છું અને સ્થળ–કાળ બંને ક્યાંક વિલીન થઈ ગયાં છે, એવો ભાવ મન–હૃદયમાં છવાઈ રહ્યો.

મેં કહ્યું : અગાઉ અહીં ભૂમાનંદજી સ્વામી પધારેલા. તેઓ પ્રવચન દરમિયાન ક્યારેક ક્યારેક સંસ્કૃત શ્લોકો ગાતા ત્યારે સાક્ષાત્ વાગીશ્વરી સંગીત રેલાવી રહી હોય એવું માધુર્ય તેઓની વાણીમાંથી છલકાતું. આજે ફરીથી એવું માધુર્ય મેં આપની વાણીમાં હમણાં અનુભવ્યું.

મહાત્માજીએ પ્રેમપૂર્ણ દૃષ્ટિથી નિહાળી કહ્યું : એમ! બહુ સારું! તે સ્વામીજી અહીં ક્યારે આવેલા?

મેં કહ્યું : ૧૯૩૮ માં, આજથી પંદર વર્ષ પહેલાં.

મહાત્માજી : તેઓનાં પ્રવચન ક્યાં ચાલતાં? કેટલો સમય ચાલેલાં?

મેં ઉત્તર આપ્યો : તેઓ ઊતર્યા હતા સંન્યાસ આશ્રમમાં, પણ આશ્રમની જગ્યા નાની હોવાથી પ્રવચનો અહીંના વાઘેશ્વરી મંદિરની છાપરવાળી વિશાળ ખુલ્લી ઓશરીમાં થતાં. સહેજે હજાર માણસ બેસી શકે તેવી તે જગ્યા છે. સ્વામીજી લગભગ બે મહિના રહેલા.

મહાત્માજી : તમે પ્રવચનમાં રોજ જતા?

મેં કહ્યું : લગભગ રોજ. ઉનાળાનું દોઢ મહિનાનું વેકેશન પડ્યું એ અરસામાં તેઓ અહીં આવેલ અને વેકેશન પૂરું થયા પછી વિદાય થયેલ, એટલે પ્રવચનોમાં જવાની સારી તક સાંપડેલી.

મહાત્માજી : આવા નાના શહેરમાં સત્સંગનો લાભ મળે ત્યારે તે લેવો, એ સારું ગણાય. ખાસ તો ચાતુર્માસમાં આવો લાભ મળતો હશે?

મેં કહ્યું : દરેક ચાતુર્માસમાં એવું હોતું નથી. બે–ત્રણ વર્ષે એકાદ વાર સંન્યાસી ચાતુર્માસ કરતા હોય છે.

મહાત્માજી : ભૂમાનંદજી સાથે થોડોઘણો પરિચય પણ કદાચ થયો હશે ?

મેં કહ્યું : પ્રવચનો તો સાંજે ચારથી પાંચ ચાલતાં. રાતે ૮–૩૦ વાગ્યે હું આશ્રમે પહોંચી જતો. ત્યાં દસ–સાડાદસ સહેજે વાગી જતા.

મહાત્માજી : રાતે સત્સંગમાં બેસતા તો કંઈક વિશેષ પરિચય જેવું પણ થયું હશે ?

મેં કહ્યું : તેઓ મૈસૂરના હતા. શૃંગેરીમઠ સાથે સંબંધિત હતા. ગ્રેજ્યુએટ થયેલ હતા અને અંગ્રેજી સાહિત્ય તેમ જ અંગ્રેજ કવિઓના સારા અભ્યાસી હતા. સંસ્કૃત અને હિન્દી ઉપર તેઓનું અદ્ભુત પ્રભુત્વ હતું. તેઓના ઈષ્ટદેવતા મા ભગવતી રાજરાજેશ્વરી દેવી છે, એમ જાણવા મળેલું. એક વાર મોડું થઈ જતાં મેં કહ્યું કે આપને નિદ્રામાં ખલેલ પહોંચાડું છું એટલે હવે હું જઉં.

: તેઓએ માથે ઓઢી રાખેલ વસ્ત્ર ખસેડીને કહ્યું કે **'बैठो, बैठो, मैं सारी रात सोता ही नहीं हूँ ।'...**

: વાતચીત ચાલતી હોય તે દરમિયાન ઘણી વાર તેઓ વસ્ત્ર માથે ઓઢી લેતા. આ રીતે પણ વાત ચાલતી રહેતી. વચ્ચે વચ્ચે વાત અટકી પણ પડતી. એક વાર પંદરેક મિનિટ વાત બંધ રહી ગઈ અને મોડી રાતે અગિયાર વાગ્યે હું જવાની અનુજ્ઞા માગતો હતો ત્યારે તેઓ આવા શબ્દ બોલેલ.

: આમ તેઓ સારી રાત જાગતા રહેતા હતા એમ તે રાતે મને જાણવા મળેલું. રાતે સૂતા જ ન હોય એવા સંન્યાસી મહાત્માનો મારો આ પહેલો અનુભવ હતો.



મહાત્માજી : હવે તમારે તેઓ સાથે સંપર્ક છે ?

મેં કહ્યું : વિદાય વખતે સ્ટેશને ગયો હતો. પહેલાં ભાવનગર તરફ અને ત્યાંથી ક્યાંક બીજી જગ્યાએ ગયેલ. પછી સંતરામપુરમાં છે એમ સાંભળેલું. અત્યારે તેઓ ક્યાં હશે તેની કંઈ જાણ નથી. આમ સંપર્ક બિલકુલ છૂટી ગયો છે.

ઉપરની વાતચીત પછી બાકી રહેલ ત્રણ–ચાર ભાઈઓ સાથે મેં વિદાય લીધી. આજની બેઠક મારા માટે સ્વર્ગીય અને દિવ્ય બની રહી. મહાત્માજીના કંઠના મધુર સૂર વાતાવરણમાં હજી પણ રેલાઈ રહ્યા હતા.

રાતની આ બેઠકોમાં દિવ્ય–અલૌકિક વાતાવરણ જામે છે. મારે પોતાને માટે તો વિશેષ એ બન્યું છે કે મારા મનમાં ઊઠતા પ્રશ્નોના ઉત્તર પ્રવચનો દરમિયાન જ મળી જાય છે. હવે તો પ્રવચન પછીની રાતની બેઠકમાં હું પ્રશ્ન વગરનો મૂંગો માણસ બની ગયો છું. મારા માટે આ એક ચમત્કાર સર્જાયો છે. [ ક્રમશઃ

★

## ભક્તિ ને જ્ઞાન


भगतिहि ग्यानहि नहिं कछु भेदा ।
उभय हरहिं भव संभव खेदा ॥

ભક્તિ અને જ્ઞાનમાં કંઈ ફરક નથી. બંને સંસારનાં દુઃખોનું હરણ કરે છે. એટલે કે સંસારના દુઃખો દૂર કરવાનું સામર્થ્ય બંનેમાં છે. અને સંસારનાં દુઃખોનો આત્યંતિક નાશ તે જ મુક્તિ છે. મતલબ કે જ્ઞાન અને ભક્તિ બંને મુક્તિ અપાવનારાં છે.

કાગભુશુંડિજી ( માનસમાં )

# વજ્રાસન અને સુપ્તવજ્રાસન

શ્રી મણિભાઈ શાહ






યોગ સાહિત્યમાં વજ્ર એટલે શિશ્ન. શિશ્ન અને તેની આસપાસના બસ્તીપ્રદેશને આ આસનથી અસર પહોંચે છે એટલે આને વજ્રાસન કહે છે.

આસનની રીત :

(૧) બંને પગ લાંબા કરી બેસો. જુઓ ચિત્ર નં-૧

(૨) પછી જમણો પગ ગોઠણમાંથી વાળી ગોઠણ ઊભો કરો અને જમણા પગની પાની સાથળ લગોલગ લાવી જમણા પગનું કાંડું જમણા હાથે પકડો. જુઓ ચિત્ર નં-૨

(૩) હવે શરીર થોડું ડાબી તરફ નમાવી કાંડું પકડેલા જમણા હાથ વડે પગના પંજાનો ભાગ નીચે આવે તેમ ઊલટાવી ગોઠણનો નળાવાળો ભાગ જમીન ઉપર મૂકી દો. પગના પંજાનો ઉપરનો ભાગ નિતંબ ફરતો સ્પર્શીને રહે તેમ રાખો. અને તેવી જ રીતે જમણી તરફ શરીર થોડું નમાવી ડાબો પગ ગોઠવો. બંને પગ ગોઠવાય જાય ત્યારે ચિત્ર નં ૪ પ્રમાણે પડખેથી લાગશે અને પાછળથી ચિત્ર નં-૫ પ્રમાણે દેખાશે પછી જમણા ગોઠણ ઉપર જમણો હાથ અને ડાબા ગોઠણ ઉપર ડાબો હાથ બહુ ગોઠવી દો. આંખો બંધ રાખો અને કરોડ સીધી ટટ્ટાર કરો. શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિકરીતે ચાલવા દો. સમય અનુકૂળતા ઉપર નિર્ભર છે. અહીં આ આસન પૂરું થયું.

ફાયદાં : આ આસન ધ્યાનનું આસન હોઈ તેના શારીરિક લાભો ગણના પાત્ર નથી પરંતુ ગોઠણ ઉપરના સાથળ આગળના સ્નાયુઓને નિરોગી અને સબળ કરે છે.

સૂચના : એકંદર આ આસન સરળ છે પણ જેના ગોઠણના સાંધા અક્કડ હોય તેણે ધીમે ધીમે આગળ વધવું.

## સુપ્તવજ્રાસન

આ આસનમાં વજ્રાસનની સ્થિતિમાંથી સૂઈ જવાનું હોઈ આને સુપ્તવજ્રાસન કહે છે. આ આસન ધ્યાનનું નથી તેથી આ આસનને વજ્રાસનની કક્ષામાં મૂકી ન શકાય. વજ્રાસનનું વિકસિત રૂપ લાગતું હોવા છતાં આને એક સ્વતંત્ર આસન ગણવું જોઈએ. અહીં બંને એકસાથે બતાવવાનો હેતુ બંનેમાં સામાન્ય સ્થિતિઓ હોવાથી શીખવામાં સરળ પડે તે છે.

આસનની રીત :

(૧) ચિત્ર નં–૪ પ્રમાણે બેસો.

(૨) પછી બંને હાથના પંજા બાજુમાં જમીન પર મૂકી શરીર પાછળ નમાવો અને કોણીમાંથી હાથ વાળતા જાઓ એટલે ચિત્ર નં–૬ પ્રમાણે સ્થિતિ થશે.

(૩) પછી એક કોણી ઉઠાવી લઈ એક તરફનું પડખું જમીનને અડાડી દો અને પછી બીજી કોણી ઉઠાવી બીજું પડખું જમીન ઉપર લગાડી દો અને બંને હાથ બંને બાજુ લાંબા કરો. જુઓ ચિત્ર નં–૭

(૪) હવે માથા પાછળ બંને હાથની અદબ વાળી અદબમાં જે હાથ ઉપર આવે તેની ઉપર માથું આવે તેમ કરો અને પીઠ બને તેટલી જમીન સાથે લાગેલી રહે તેમ કરો. આંખો બંધ રાખો. શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિક રીતે ચાલવા દો. અહીં આસન પૂરું થયું.

ફાયદા :

(૧) પેટના ઊભા સ્નાયુઓને સબળ કરે.

(૨) મોટા આંતરડાને અને પેટની અંદરના અવયવોને સતેજ અને સક્રિય કરે.



સૂચના : સાંધા અને સ્નાયુઓ અક્કડ હોય તેણે વજ્રાસનની જેમ ધીમે ધીમે આગળ વધવું અને કમરની કરોડના અંકોડામાં દુખાવો થાય તો યોગવિદ્ અગર ડૉક્ટરની સલાહ વિના આ આસન ન કરવું. જોકે સામાન્યરીતે કમરની કરોડના અંકોડા આસપાસ લાગતા થાકમાં આ આસનથી આસાયેશ મળે છે.

✻

### ક્યા કરના થા

ક્યા કરના થા, ક્યા કરતા હૈ!
હરિ ભજના થા, હરિ સ્મરના થા,
ત્રિવિધતાપ જો દૂર કરતા હૈ. ... ક્યા.

જો જગજીવન ઉનકો ભજકે,
જીવનમેં અમૃત પાના થા;
સુખદુઃખ સો હો પર આખિરમેં
સફલ મનુજજીવન કરના થા. ... ક્યા.

પ્રેમ પરમ પાના થા, તજકે
રાગદ્વેષ કો હંસના થા;
ક્ષણભંગુર જીવનમેં આકર,
શરીરમેં નહીં મરના થા. ... ક્યા.

ભૂલ ગયા સબ બાતેં, ભૂલા
નહીં જિસે જો ભૂલના થા;
પાગલ ચેત અભી તૂ ભાઈ,
પા લે પ્રભુકો પાના થા. ... ક્યા.

યોગેશ્વરજી

# મૃત્યુંજય અવસ્થા

**શ્રી ગોરધનભાઈ કલોલા**

જે આવે છે તે જાય છે, એ સૃષ્ટિનો નક્કી નિયમ છે. છતાં કાળના લેખ પર મેખ મારનારા મૃત્યુંજય મહાપુરુષવરો સંસારમાં પ્રકટતા રહે છે. તેઓ પોતાની ઈચ્છા અનુસાર શરીર ધારણ કરે છે અને છોડે છે. સંસારમાં પોતાના લીલા પ્રસંગો દ્વારા ધર્મ અને ઈશ્વરના મહિમાને ફેલાવે છે.

એવા સ્થિતપ્રજ્ઞ જ્યોતિર્ધર મહાપુરુષ શ્રી યોગેશ્વરજીના સાનિધ્યમાં રહેવાનું સૌભાગ્ય તેમની પરમકૃપાથી સાંપડ્યું. એકાએક શરીર સ્વાસ્થ્ય લથડતાં તા. ૯–૧૧–'૭૯થી તા. ૭–૧૨–'૭૯ સુધી અમદાવાદ વિવેકાનંદ હૉસ્પિટલમાં રહેવાનું બન્યું. તેમના જીવનમાં બનતી દરેક ઘટનાઓની જેમ આ ગંભીર માંદગીને પરમાત્માની પરમ ઈચ્છા માની સહજ રીતે સ્વીકારી લીધી. તેઓ વારંવાર કહે છે તે પ્રમાણે મારા જીવનમાં જે કંઈ બને છે તે પરમાત્માની ઇચ્છા મુજબ બને છે.

ભવિષ્યમાં બનનારા બનાવોનું રહસ્ય તેમની પાસે છૂપું રહી શકતું નથી. તેઓશ્રીએ ઑકટોબર–૭૯માં શ્રી સર્વેશ્વરીની ડાયરીમાં નોંધ કરેલી છે કે અતિ કષ્ટપ્રદ શારીરિક વેદનામાંથી પસાર થવાનું હોઈ તેમની હાજરી છેક અનિવાર્ય બની જશે. એ પ્રમાણે તા. ૯–૧૧–'૭૯થી આજ પર્યંત ગંભીર બિમારીને લીધે પૂ. માની હાજરી અનિવાર્ય બની રહી. પૂ. માએ આ સમય દરમ્યાન જે ત્યાગ અને સેવાની પરાકાષ્ટા બતાવી તેને માટે અલગ નોંધ કરવી રહી. પૂ. માની ડાયરીની નોંધ બતાવે છે કે તેમને કાળનું કોઈ બંધન નથી. ભૂત, વર્તમાન કે ભવિષ્ય એવા કાળખંડોનું કોઈ રહસ્ય કે અસ્તિત્વ તેમની પાસે નથી. ત્રિકાલાતીત તેમની અવસ્થા છે.



કસોટીકાળમાં જ માણસમાં રહેલું હીર પ્રકાશી ઊઠે છે. આ ગંભીર માંદગી દરમ્યાન તેમની સમત્વ ધારણ કરેલ પ્રજ્ઞાને નિહાળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. માંદગીની કટોકટીની એ પરિસ્થિતિ ભલભલાને થથરાવી મૂકે તેવી હતી. બહારથી ગમે તેટલી હિંમત કે ધીરજ આપવામાં આવે તો પણ સામાન્ય માણસને માટે આવી ભયંકર બિમારી વખતે મનનું સમતોલપણું જાળવી રાખવું અશક્ય જ બની જાય. માણસ શાંત કે સ્વસ્થ રહી શકતો નથી. ત્યારે પૂ. યોગેશ્વરજી આ અવસ્થામાં પણ તદ્દન નિર્લેપ અને શાંત જ રહ્યા. જાણે બનવાનું હતું તે જ બન્યું છે, તેમ જાણી બીજાને હિંમત તેમ જ ધીરજ આપી રહ્યા.

તા. ૯થી ૧૫–૧૧–'૭૯ સુધીના એક અઠવાડિયાના ગાળામાં બે વખત 'હાર્ટ ઍટેક' થયો. તે વખતે તેમની શારીરિક ને માનસિક વેદનાની કેવી પરાકાષ્ટા હશે તેની તો કલ્પના થઈ શકતી નથી. બે કલાક બેભાન જેવી અવસ્થા રહી. આ વખતે વદન પર કે વાણીમાં મૂંઝવણ, અકળામણ કે ગ્લાનિ જોવા મળી નથી. જે બનતું હતું તે જાણે સાક્ષી બની નિર્લેપ ભાવે જોયા કરતા હતા. ભાંગી પડે તેવી સ્થિતિમાં પણ સ્થિર, અડગ, સ્વસ્થ ને શાંત જ રહ્યા. આ શારીરિક વ્યથા જોતાં આ પહેલાં તેમને ૧૯૪૮માં આવેલી ભયંકર માંદગીની યાદ સહેજે આવી જાય છે. એ વખતે પણ સ્વસ્થ થતાં છ માસ જેટલો લાંબો સમય લાગેલો. એ પરથી એ વખતની માંદગીની ગંભીરતા સમજી શકાય છે. સાધનાની કસોટીનો એ કપરો કાળ હતો. પ્રભુપ્રેમમાં પાગલ એ દેહમાં એ વખતે યૌવન સોળે કળાએ ખીલ્યું હતું. મન પરમાત્માની શોધમાં અનંત આકાશમાં વિહરી રહ્યું હતુ. રાષ્ટ્રકવિ મેઘાણી લલકારે છે તેમ

**" ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ;**
**અણ દીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ."**

એવી એ ભરયુવાન અવસ્થામાં એ માંદગીમાં તેમણે મનનું ભારે સમતોલપણું સાચવેલું. યૌવનના ઉષઃકાળમાં એમણે માંદગી વખતે જે સંયમ અને સ્વસ્થતા જાળવ્યાં છે તેનું વર્ણન "પ્રકાશના પંથે"માં અક્ષરશઃ કરેલું છે. છેક મૃત્યુના દ્વારે ઊભેલા સ્થિતપ્રજ્ઞ મહાપુરુષને મૃત્યુંજય બની કાળના અમાપ સામર્થ્ય સામે વિજયી સ્મિત વેરતા જોવા તે એક મહાન જીવનલહાવો છે. તેમની કૃપા વિના તે સંભવી શકતું નથી.

એ અવિસ્મરણીય માંદગીના દિવસો જીવન-ઘડતરનાં સોપાન બની ગયા. જીવનની બુલંદ ઇમારત ચણવા માટે કેવા પ્રચંડ મનોબળરૂપી પાયાની જરૂર પડે છે તેની પ્રેરણા તેમાંથી પ્રાપ્ત થાય છે. જીવનમાં બનતા બનાવોને તટસ્થ ભાવે જોવાની શિખામણ પ્રત્યક્ષ અનુભવથી આખી માંદગી દરમ્યાન તેઓ વારંવાર કહેતા. મન તો ચોવીસે કલાક અખંડ રીતે પરમાત્મામાં સ્થિત રહે છે. તેઓ કહેતા "શરીર ધારણ કરીએ એટલે તેમના "પ્રોપર્ટી ટેક્ષ" તો ભરવા જ પડે. એ અનુભવેલી હકીકત છે કે આ પ્રોપર્ટી 'ટેક્ષ' ભરતી વખતે જરા પણ નારાજગી વ્યક્ત કર્યા વગર પ્રસન્ન ચિત્તે 'ટેક્ષ' ભરી આપ્યો છે. હંમેશાં કાંટાઓની વચ્ચે રહેતાં ગુલાબની જેમ પ્રસન્ન પ્રસન્ન રહેતા અને બીજાઓને રાખતા.

આવી શારીરિક કટોકટીની સ્થિતિમાં પણ તેમને આંતર-જગતના દિવ્ય અનુભવો ચાલુ રહેતા. તેઓ એ અનુભવ વારંવાર કહેતા કે મા જગદંબા દરરોજ બપોરના બેથી અઢી વાગ્યા વચ્ચે મારી પાસે આવતાં. મારા મસ્તક પાસે ઊભાં રહી માથે તેમ જ શરીરે હાથ ફેરવતાં. દશેક મિનિટ પછી દિવ્ય ધ્યાન આપી અદૃશ્ય થઈ જતાં. સાથે સાથે આંતર-



જગતમાં સાઈબાબા તથા બીજા સંતો પણ દર્શન માટે આવતા.

માંદગી દરમ્યાન પણ એ હૉસ્પિટલનો ખંડ સત્સંગ-ભવન બની જતો. જાણે પ્રવચન સિવાય તેમના કોઈ કાર્યક્રમો સ્થગિત થયા ન હોય તેમ ડૉક્ટરોની મનાઈ હોવા છતાં તેમનો નિયમિત સત્સંગ ચાલતો. બહારગામથી તબિયતની ખબરઅંતર પૂછવા આવતા ભાવિકો સાથે પ્રેમપૂર્વક વાત કરતા અને સૌને ધીરજ, હિંમત ને પ્રેરણા આપતા. તેમની સારવાર કરતાં ડૉક્ટરોને પણ તેમના પૂર્વ સુસંસ્કારોને લીધે તેમના દિવ્ય જીવનનો રંગ લાગ્યો. શંકાઓનું સમાધાન કરવા તેઓ પ્રશ્નો પૂછી ઉકેલ મેળવતા. પૂ. યોગેશ્વરજીએ લખેલાં પુસ્તકો પણ ડૉક્ટરોએ પ્રેમપૂર્વક વાંચ્યાં.

અત્યાર સુધીનું તેમનું જીવન સ્વાવલંબી રહ્યું છે. જાત-મહેનત કરવાની તેમની સુટેવ ખરેખર પ્રેરણાદાયી છે. માંદગી દરમ્યાન પણ બીજા પાસે કામ કરાવવાનું તેમને ગમતું નહીં. અને ત્યાં સુધી પોતાનું અંગત કામ જાતે જ કરી લેતા. ન છૂટકે અન્યને તકલીફ આપતા જે તેમને રુચતું નહીં.

સહનશીલતાની તો જાણે મૂર્તિ જ જોઈ લ્યો. માંદગી દરમ્યાન જે શારીરિક કષ્ટ પડ્યું તે ખૂબ જ શાંતિપૂર્વક સહન કર્યું. શારીરિક કષ્ટોમાં રાતોની રાતો ઊંઘ વિના એમને એમ પસાર થઈ જતી. છતાં મોઢેથી દુઃખનો કણસાટ ક્યારેય નીકળતો નહીં. આવી કષ્ટદાયક સ્થિતિમાં પણ શાંતિ તેમના રોમેરોમમાં ફરી વળી હોય તેમ લાગતું.

તા. ૭-૧૨-'૭૯ના રોજ સવારે ૧૦ વાગ્યે હૉસ્પિટલ છોડી તેઓ આરામ કરવા માટે અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં 'ચારૂલ ફ્લેટ'માં પધાર્યા. એમ્બ્યુલન્સમાંથી

પોતે જાતે ઊતરીને પગે ચાલીને રૂમ સુધી આવ્યા. ત્યારપછી ધીમે ધીમે તબિયત પૂર્વવત થતી ગઈ. અહીં પણ ચાલીસ દિવસના ગાળામાં બીજી પણ શારીરિક તકલીફોમાંથી પસાર થવું પડ્યું. દવાઓના રીએકશને શરીરમાં ભારે ગરબડ ઊભી કરી. છતાં તેઓ ધીરજ ગુમાવવા સિવાય શાંતિપૂર્વક સહન કરી રહ્યા. પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી તેઓશ્રીને વહેલી તકે પુનઃ પૂર્વવત્ આરોગ્ય પ્રાપ્ત થઈ ગયું.

## સાચો ધર્મ

શરીર, સ્વભાવ અને પાત્રતાએ આપણે એકમેકથી ખૂબ જુદા છીએ પણ એ સૌની ભીતરમાં, જ્યાં આપણા અસ્તિત્વના મૂળ આત્માનો વાસ છે ત્યાં આપણે જરાયે જુદા નથી. ધર્મ જો માનવીની પૂર્ણ જીવન પરંપરાનું જીવંત સ્પંદન બનવા ઝંખે તો એણે વધુ આંતરિક અને વધુ વિશ્વવ્યાપી બનવું પડશે. આ જગતના અંધકારને દૂર કરે એવો દીપક બનવું પડશે. ધર્મ જ્યારે માનવજીવનમાં આવી સબળ અને સક્રિય અનુભૂતિ રૂપે પ્રગટશે ત્યારે આજે આપણામાં ભેદ રચેલી સીમાઓ આપોઆપ દૂર થઈ જશે, અને આપણે સૌ વિશ્વૈક્યનું એવું મંદિર રચવામાં તલ્લીન બની જઈશું, જ્યાં અવિભાજ્ય માનવ આદર્શોના પ્રતીકની પૂજા થશે.

ડૉ. રાધાકૃષ્ણન



# યોગિની યોગદત્ત

શ્રી યોગેશ્વર

ભારતની પુણ્ય ભૂમિમાં પ્રાચીન કાળમાં ગાર્ગી, મૈત્રેયી જેવી અનેક અધ્યાત્મપ્રેમી વિદુષીઓ થઈ છે.

વર્તમાન કાળમાં પણ એવી વિદુષીઓનો અભાવ નથી.

દેશનો પ્રવાસ કરનારને એનો અનુભવ થાય છે.

દેશના જ્ઞાત–અજ્ઞાત ખૂણેખાંચરે કોઈક ધન્ય ક્ષણે પાવન પળે કોઈક વાર કોઈ એવી દિવ્ય અસાધારણ વિભૂતિનું દર્શન થાય છે. જેને જોઈને આંખ ઠરે છે, અંતર આનંદે છે, આત્મા અવર્ણનીય અદ્ભુત આદરભાવથી ઊભરાઈ જાય છે. દેશ હજુ આવા વિષમ વખતમાં પણ વિભૂતિઓથી પરમ જાજ્વલ્યમાન આધ્યાત્મિક આત્માઓથી વંચિત નથી એવી પ્રતીતિ થાય છે.

એવા આત્માઓ પુરુષ પણ હોઈ શકે અને સ્ત્રી પણ. એમના સંબંધમાં સ્ત્રીપુરુષોના ભેદો કશો મહત્ત્વનો ભાગ નથી ભજવતા.

એ જ્યાં અને જે રૂપમાં પણ હોય છે ત્યાં તે રૂપમાં પરમ આદરણીય, પ્રશસ્ય, પૂજ્ય હોય છે.

જે પ્રદેશમાં પણ વસે છે અને વિચરે છે તે પ્રદેશ એમને લીધે પરમપવિત્ર બને છે અને અવનવી શોભા ધારણ કરે છે.

એમના મહિમાનું જયગાન મોટા મોટા મુનિઓ તથા કવિજનો પણ નથી કરી શકતા.

એ સંસારમાં શ્વાસ લે છે તોપણ સંસારથી સદા માટે અલિપ્ત રહે છે.

જ્યાં હોય છે ત્યાં પરમપ્રેરક અથવા અમોઘ આશીર્વાદરૂપ બને છે. દિવ્ય દીવાદાંડીની ગરજ સારે છે.

સંસારના સાગરમાં સપડાયેલી કે સફર કરનારી કેટલીય જીવનનૌકાઓને સહીસલામત રીતે સફળતા સહિત કિનારે ઉતારે છે.

માનવના આધ્યાત્મિક જીવનઘડતરમાં એમનું યોગદાન ઘણું મોટું ને મહત્ત્વનું હોય છે.

સત્કર્મોના સુફળરૂપે સાંપડનારો એમનો સમાગમ ક્ષણનો હોય, સ્વલ્પ સમયનો હોય તોપણ શ્રેયસ્કર ઠરે છે ને ચિરસ્મરણીય બને છે.

જીવનનું આમૂલ પરિવર્તન કરે છે. નવજીવન ધરે છે.

અમારી દક્ષિણ ભારતની યાત્રા સફળ સુખદ પરિસમાપ્તિ સમયે અમને એવા જ એક અસાધારણ અલૌકિક આત્માના દેવદુર્લભ દર્શનનો લાભ મળ્યો.

યાત્રાની પૂર્ણાહુતિ થવાનો સમય સમીપ હતો ત્યારે અમારે તા. ૧૨-૨-૧૯૭૮ રવિવારે જ્ઞાનેશ્વર મહારાજના સુપ્રસિદ્ધ લીલાસ્થાન આલંદીમાં આવવાનું થયું.

એ દિવસે વસંતપંચમી હતી.

આલંદીમાં પ્રવેશતાં પહેલાં રાત પડી ગઈ. અંધકારના ઓળા આજુબાજુ બધે જ ઊમટી પડ્યા.

અમે નિર્ણય કર્યો કે સૌથી પહેલાં સંતશિરોમણિ જ્ઞાનેશ્વર મહારાજના સમાધિ-સ્થાનનાં દર્શને જઈએ.

જ્ઞાનેશ્વર મહારાજની સમાધિનું વાતાવરણ ખૂબ જ વિશુદ્ધ, સ્વચ્છ અને શાંત હતું. સમાધિમંદિરમાં પ્રવેશીને અમે સમસ્ત મહીમંડળના એ સર્વકાળના સર્વશ્રેષ્ઠ મહાપુરુષને પ્રણામ કર્યા.

સમાધિમંદિરમાં મને વિચાર આવ્યો કે આલંદી આવવાનું થાય છે ત્યારે લગભગ પ્રત્યેક વખતે જ્ઞાનેશ્વર મહારાજ એક



અથવા બીજા રૂપમાં દર્શન આપીને એમના અનુગ્રહનો વરસાદ વરસાવે છે તો આ વખતે પણ કોઈક ચમત્કારિક અસાધારણ અનુભવ આપે તો કેટલું સારું ! એ જ વખતે જ્ઞાનેશ્વર મહારાજની અપાર્થિવ પરમશક્તિએ મને સૂચવ્યું કે હું સમાધિમંદિરમાં હાજર જ છું.

ક્યાં ?

તમારી પાછળ

મારી પાછળ ?

હા. તમે પાછા ફરશો એટલે હું તમને દેખાઈશ.

કેવા સ્વરૂપમાં ?

કુમારિકાના દિવ્ય સુંદર સ્વરૂપમાં હું તમારી પાસે આવીશ. કોઈ બીજું મને ના ઓળખી શકે એટલે હું એવા રૂપમાં રહીશ; પરંતુ તમે મને ઓળખી લેજો.

એ સૂચનાથી મને સ્વાભાવિક રીતે જ ઘણો આનંદ થયો.

સમાધિમંદિરમાંથી પાછા ફરતી વખતે મેં જ્ઞાનેશ્વરમહારાજની સમાધિનાં પુષ્પોની પ્રસાદી વારાફરતી મારી સાથેના દર્શનાર્થીઓને આપવા માંડી ત્યારે મારી પાસે એકાએક કાષાયવસ્ત્રધારી કુમારિકા આવી અને પુષ્પની પ્રસાદી માટે હાથને ફેલાવીને ઊભી રહી.

મને તરત જ જ્ઞાનેશ્વર મહારાજની સૂચનાનું સ્મરણ થયું.

મેં એ કાષાયવસ્ત્રધારી કન્યાને પુષ્પ આપ્યું.

પુષ્પને લઈ ને એ સ્મિત કરતી મારી પાછળ થોડેક દૂર જઈને ઊભી રહી.

હું એની પાસે પહોંચ્યો અને મારી સાથેના દર્શનાર્થીઓ ઉપરાંત કેટલાક બીજા મુલાકાતીઓ પણ અમારી આજુબાજુ

એકઠા થઈ ગયા એટલે એણે ખૂબ જ ભાવવિભોર સ્વરે શાંતિથી કહ્યું :

"તમે બધાં યાત્રા કરવા નીકળ્યાં છો પરંતુ ખરી યાત્રા અહીં જ છે. સંતના શરણમાં ને ચરણમાં. જ્ઞાનેશ્વર મહારાજ અત્યારે અંદર સમાધિસ્થાનમાં નથી પરંતુ સમાધિસ્થાનમાંથી ઊઠીને અહીં સામે જ ઊભા છે. યોગેશ્વર છે તે જ્ઞાનેશ્વર છે અને જ્ઞાનેશ્વર યોગેશ્વર છે. જ્ઞાનેશ્વર, યોગેશ્વર અને યોગદત્ત."

એણે પોતાની ઓળખાણ યોગદત્ત તરીકે આપી એથી કેટલાકને આશ્ચર્ય થયું. સાચું નામ શું હોવું જોઈએ, યોગદત્ત કે યોગદત્તા ? એમને એવો પ્રશ્ન થયો. પુરુષ હોય તો યોગદત્ત નામ હોય ને સ્ત્રી હોય તો યોગદત્તા. આ તો સ્ત્રી છે, કુમારી છે, તો એણે ભૂલમાં જ યોગદત્ત કહ્યું.

"તમારું નામ યોગદત્ત કે યોગદત્તા ?" કોઈકે પૂછ્યું.

"યોગદત્ત." કુમારીએ કહ્યું.

"યોગદત્ત ?"

"હા."

"થોડીક વાર શાંત રહીને એ બોલી: "પુરુષ તથા સ્ત્રીના ભેદ આત્માના નથી, શરીરના છે. જ્ઞાની સદા શરીરભાવથી પર હોય છે."

એકાદ ક્ષણ અટકીને એણે આગળ જણાવ્યું : "યોગેશ્વર છે એ જ જ્ઞાનેશ્વર છે. એ મારી માતા છે. વાછરડી જેવી રીતે ગાયની પાસે ઊભી રહે છે તેવી રીતે હું એમની પાસે ઊભી રહી છું, એ મને પોતાનું કૃપારૂપી દૂધ પાય છે. એમની છત્રછાયામાં હું સલામત છું. જે એમનું શરણ લે છે એ એમના અનુગ્રહરૂપી અમૃતને મેળવી લે છે. પુનામાં મારું ગીતાપારાયણ ચાલી રહેલું. ત્યાં જ્ઞાનેશ્વર મહારાજે મને



અચાનક આલંદી આવવાની પ્રેરણા કરી એટલે આજે હું આલંદી આવી. હવે મને સમજાયું કે જ્ઞાનેશ્વર મહારાજે મને એવી પ્રેરણા શા માટે કરી !"

યોગદત્તની મુખાકૃતિ અતિશય આકર્ષક પ્રભાવશાળી, ભવ્ય હતી. એની ઉપર સાત્ત્વિક પ્રકાશ પથરાયલો. એને અવલોકતાંવેંત જ અનોખો આદરભાવ પેદા થતો.

યોગદત્તે જ્ઞાનેશ્વરીગીતાની મહત્ત્વની કંડિકાઓ સંભળાવવા માંડી. એની સ્મરણશક્તિ, મેધા તથા સમજાવવાની શક્તિ અસાધારણ હતી. એનો પરિચય પામીને શ્રોતાઓ આશ્ચર્યચકિત, મંત્રમુગ્ધ અને સ્તબ્ધ બની ગયા. સમાધિમંદિરનું વાતાવરણ સજીવ બન્યું. જ્ઞાનેશ્વર મહારાજ પોતે જ પોતાની વાણીની વ્યાખ્યા કરી રહ્યા છે એવું લાગ્યા વિના રહ્યું નહિ.

એ શ્રવણમધુર મંગલ વ્યાખ્યા પૂરી થઈ એટલે મને વિચાર આવ્યો કે સમાધિમંદિરમાં આવવાનું થાય છે ત્યારે પ્રત્યેક વખતે જ્ઞાનેશ્વરમહારાજ પુજારીને પ્રેરણા કરીને પોતાની પ્રસાદીરૂપે પુષ્પમાળા પહેરાવે છે પરંતુ આ વખતે માળા નથી પહેરાવી, માળા પહેરાવાય કે ના પહેરાવાય એનું મહત્ત્વ નથી, પરંતુ જ્ઞાનેશ્વર મહારાજની સુમધુર સ્મૃતિનું મહત્ત્વ છે.

મને એવો વિચાર આવ્યો કે તરત જ યોગદત્તમાં રહીને પોતાનો અલૌકિક અભિનય કરનારા સંતશિરોમણિ જ્ઞાનેશ્વર મહારાજે એને ઓળખી લઈને એનો સમ્યક્ સંતોષકારક પ્રત્યુત્તર પૂરો પાડ્યો.

યોગદત્તે સમાધિમંદિરના ગર્ભદ્વાર તરફ ઉતાવળા પગલે દોડતી હોય તેમ ચાલવા માંડ્યું.

જોતજોતામાં એ સમાધિ પરની પવિત્ર પુષ્પમાળાને લઈને બહાર આવી અને એ પુષ્પમાળા મને પહેરાવીને મારી પાસે પહેલાંની પેઠે જ કોઈ પણ પ્રકારના સંકોચ સિવાય ઊભી રહી.

એના કેશમાં પુષ્પમાળા પરોવાયેલી.

મહારાષ્ટ્રમાં સ્ત્રીઓ પહેરે છે તેવો એણે પાછળ કાછડા-વાળો સાલ્લો પહેરેલો.

એની આંખ ઓજસ્વી દેખાતી.

મેં એને પૂછ્યું : "તમે માળા લેવા માટે સમાધિમંદિરમાં શા માટે ગયાં ?"

"જ્ઞાનેશ્વર મહારાજની પ્રેરણાથી એમણે જ મને અંદર જઈને માળા લાવવા માટે આદેશ આપ્યો."

પુષ્પમાળા જ્ઞાનેશ્વર મહારાજના અસાધારણ અમોઘ અનુગ્રહના પવિત્ર પ્રતીકરૂપ હતી. એને મેળવીને મને સંતોષ અને આનંદાનુભવ થયો. જ્ઞાનેશ્વર મહારાજની શક્તિ કેવી ચમત્કારિક રીતે કાર્ય કરે છે એનો ખ્યાલ આવ્યો.

સમય ઘણો વધારે થઈ ગયો હોવાથી અમે સમાધિ-મંદિરની બહાર જવાની તૈયારી કરી., તો યોગદત્તે જણાવ્યું : "હજુ એક કામ બાકી રહ્યું છે–તમને સારો સાનુકૂળ ઉતારો આપવાનું. તે કામ થઈ જશે એટલે હું તમારી રજા લઈશ."

,, અમે ઉતારાને શોધી લઈશું."

"ના. હું સાથે આવીને તમને સારો ઉતારો અપાવીશ. મારું એ પવિત્ર કર્તવ્ય છે."

અમારી સાથે એ બહાર નીકળી.

દરવાજામાંથી બહાર નીકળતી વખતે કોઈક કર્મચારી જેવા દેખાતા પુરુષે મારી પાછળથી આવીને મને કહ્યું :



"આ બાઈ ખૂબ જ વિચિત્ર છે. ભારે નટખટ છે, એનાથી ચેતતા રહેજો. વધારે પડતા પ્રભાવિત ન થતા."

એ વણમાગ્યા સાવધાનીસૂચક અભિપ્રાયથી મને આશ્ચર્ય થયું. મેં એને એટલો ગંભીર ના ગણ્યો. નાનામોટા પ્રત્યેક સ્થાનમાં એવા વિષમય, તેજોદ્વેષથી ભરેલાં, વિરોધી તત્ત્વો તો મળવાનાં જ. એમનાથી પૂરતા અનુભવ વિના દોરવાઈ જવાનું હિતાવહ નથી હોતું.

અમારી સાથેના બેત્રણ યાત્રીઓ ભક્ત જલારામના સ્થાનને જોવા ગયા, પરંતુ ત્યાં જગ્યાનો અભાવ હતો.

યોગદત્તે જણાવ્યું : "હું તમને જ્યાં લઈ જઉં ત્યાં જ ચાલો. ત્યાં સર્વ પ્રકારની સાનુકૂળ સગવડ થઈ રહેશે."

એ અમને માહેશ્વરી ભવનમાં લઈ ગઈ. એના મેનેજરને ઉઠાડીને મારી ઓળખાણ આપી.

મેનેજરે અતિશય આદરપૂર્વક અમારો સત્કાર કર્યો અને અમને મકાન બતાવ્યું.

અમને એ મકાન પસંદ પડવાથી અમે એની આવશ્યકતા પ્રમાણેની જગ્યા રાખી લીધી.

યોગદત્તને સંતોષ થયો. એણે પ્રણામ કરીને કહ્યું : "હવે હું જઉં છું. કાલે ફરી વાર આવીશ. તમે જ્યાં સુધી રહેશો ત્યાં સુધી રોજ આવીશ."

"રોજ ?"

"હા. રોજ–રોજ આવીશ. તમારું દર્શન કાંઈ જેને તેને ને જ્યારેત્યારે મળી શકે છે ? એ તો અતિશય વિરલ છે."

અને એ ઝડપી પગલે ચાલીને આજુબાજુના અંધકારમાં અદૃશ્ય થઈ ગઈ.

સિદ્ધલોકમાંથી પૃથ્વી પર પ્રકટેલી કોઈક સિદ્ધ યોગિનીની સ્મૃતિ કરાવતી એની આકૃતિ આંખ આગળ રમવા લાગી. એ કદી પણ કાયમને માટે અદૃશ્ય થઈ શકે તેમ ન હતી.

બીજે દિવસે સવારે અમે સિદ્ધબેટના સુપ્રસિદ્ધ સ્થાનને જોવા માટે ગયાં. સરિતાના સ્વચ્છ પવિત્ર તટ પ્રદેશ પર આવેલું આ સ્થલ અત્યંત દૂર અને એકાંતમાં હોવાથી એને સહેલાઈથી શોધી શકાયું નહિ. વચ્ચે માર્ગમાં અમે એક વૃક્ષની છાયામાં બેસી ગયા. ત્યાં થોડા વખત પછી અચાનક યોગદત્ત આવી પહોંચી અને બોલી: "સિદ્ધબેટ અહીંથી છેક જ પાસે છે, વધારે દૂર નથી. ચાલો તમને બતાવું."

"તમને કેવી રીતે ખબર પડી કે અમે અહીં આવ્યા છીએ ?" કોઈક ભાઈએ પૂછ્યું.

"દિવ્ય દૃષ્ટિ. એનું નામ દિવ્ય દૃષ્ટિ. મને જ્ઞાનેશ્વર મહારાજે પ્રેરણા કરીને જણાવ્યું કે તમે બધા અહીં છો. એટલે હું અહીં આવી પહોંચી."

અમે એની સાથે સિદ્ધબેટના કાચા પગદંડી જેવા માર્ગે આગળ વધ્યા.

થોડા વખતમાં એ ઐતિહાસિક સ્થાન આવી પહોંચ્યું.

એ છેક જ સાદા છતાં શાંત સુંદર–સ્થાનમાં અમે વૃક્ષ નીચે બેસી ગયાં.

એનું ઐતિહાસિક મહત્ત્વ એટલા પૂરતું હતું કે એનો જ્ઞાનેશ્વર મહારાજના જીવન સાથે સંબંધ બંધાયેલો. જ્ઞાનેશ્વર મહારાજના પિતા વિઠ્ઠલ પંત ગુરુની આજ્ઞાથી સંન્યાસી મટીને ફરીવાર ગૃહસ્થી થયા ત્યારે ગામલોકોએ એમને નાતબહાર મૂક્યા. એમને ચાર જીવનમુક્ત સંતાનો થયા. માતાપિતાના સ્વર્ગવાસ પછી એ ચારે પરમજ્ઞાની પરમાત્મદર્શી લોકોત્તર



આત્માઓએ કેટલાક કાળપર્યન્ત સિદ્ધબેટના પ્રશાંત સ્થળમાં વાસ કર્યો. એ સ્થળમાં કોઈ કોઈ વાર સિદ્ધપુરુષો પણ એકઠા થતા.

યોગદત્તે ત્યાં જ્ઞાનેશ્વરીગીતા પર પોતાના રસિક હૃદયંગમ વિચારોને રજૂ કર્યા. એ વિચારોને સાંભળીને સૌને આનંદ થયો.

એણે ઉપસંહારમાં કહ્યું: "તમારી સૌની દક્ષિણ ભારતની યાત્રા અહીં પૂરી થઈ છે. પૂજ્ય શ્રી યોગેશ્વર મહારાજ જ્ઞાનેશ્વર સ્વરૂપ છે. એમની ઉપસ્થિતિમાં જ્ઞાનેશ્વર મહારાજના સુંદર લીલાસ્થાનમાં તમે સૌ પુણ્યના ભાગી બન્યા છો. પવિત્ર ઇન્દ્રાયણીમાં સ્નાન કરી દેવદુર્લભ સંતના આશીર્વાદે તમારા જીવનને જ્ઞાનેશ્વરીના સ્વર્ગીય જ્ઞાનથી સુમનસમું સુવાસિત બનાવો. તેથી જીવન ધન્ય બનશે. જ્ઞાનેશ્વરી નિર્મળ જ્ઞાનનો ભંડાર છે. એની સુવાસ સઘળે સ્થળે પ્રસરી રહો. મોહમાયા, કામ ક્રોધ લોભ અથવા વિષયાસક્તિના વિષથી જીવનમુક્ત બનો. એ વિષને દૂર કરવા માટે જ જ્ઞાનેશ્વરીગીતા બહાર આવી છે."

સિદ્ધબેટના પવિત્ર સ્થાનમાં સમાધિસ્થાન અને ચરણપાદુકા દેખાય છે. પીપળા અને આમ્રવૃક્ષની સુંદર આકર્ષક ઘટાથી આચ્છાદિત એ સ્થાન રમણીય, પવિત્ર, આનંદદાયક છે. સિદ્ધબેટ પાસે સો જેટલા વિદ્યાર્થીઓ માધુકરી કરીને ચાર વરસ માટે જ્ઞાનેશ્વરીનો અભ્યાસ કરે છે. સરિતાના શાંત પવિત્ર તટપ્રદેશ પર રહેતા એ સ્વાશ્રયી અને પરિશ્રમપ્રેમી વિદ્યાર્થીઓને નિહાળીને ખૂબ જ સંતોષ થયો.

સિદ્ધબેટથી પાછા ફરતી વખતે અમે યોગદત્તની સાથે માર્ગમાં એક બંધ મકાનના ઓટલા પર વિશ્રામ કરવા બેઠાં. ત્યાં એક દુઃખી ભાઈએ આવીને યોગદત્તને પોતાના દુઃખની કથની કહીને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

ચોગદત્તનું એ વખતનું સ્વરૂપ અત્યન્ત આકર્ષક અને અદ્ભુત હતું. ગુલાબી જેવા રંગનો સાલ્લો, શ્યામ ભરાવદાર સુડોલ શરીર, તેજસ્વી શ્રદ્ધાભક્તિભરપૂર મંગલ મુખાકૃતિ, કેશ પર રંગબેરંગી પુષ્પોની માળા. જાણે સિદ્ધલોકમાંથી ઊતરી આવેલી કોઈક સિદ્ધ કન્યા.

ચોગદત્તે એ દુઃખી ભાઈને આશ્વાસન આપતાં જણાવ્યું : "દુઃખથી ડરી કે ડગી જવાને બદલે બને તેટલી ધીરજ અને અને હિંમત રાખીને તમે જ્ઞાનેશ્વર મહારાજનું શરણ લો. એ સર્વશક્તિમાન છે. તમારી ઉપર કૃપાનો વરસાદ વરસાવીને તમને કૃતાર્થ કરશે. તમારાં બધાં જ દુઃખ–દરદને દૂર કરી દેશે. એમનું સાચા દિલથી સ્મરણ કરો. એ આપણી માવડી છે. પોતાનાં બાળકોની એ સર્વકાળે સર્વપ્રકારે રક્ષા કરશે. એમને શરણે જનારા સદાને માટે ધન્ય બન્યા છે."

આલંદીથી નીકળવાનો સમય સમીપ આવ્યો ત્યારે ચોગદત્તની આંખમાં આંસુ આવ્યાં. એનું હૃદય રડી ઊઠયું. મને સંત તુલસીદાસના પેલા અમર શબ્દોનું સ્મરણ થયું :–

મિલત એક દારુન દુખ દેહી,
બિછુડત એક પ્રાન હરી લેહી.

દુર્જનો મળે છે ત્યારે ભયંકર વ્યથા પહોંચાડે છે અને સજ્જનો છૂટા પડે છે ત્યારે પ્રાણને હરી લે છે. એવી અસહ્ય વેદના પેદા કરે છે.

મેં ચોગદત્તને કહ્યું : "સંસારનું સ્વરૂપ જ એવું વિચિત્ર છે. જે જન્મે છે તે જાય છે. મળે છે તે છૂટા પડે છે. પરંતુ શરીર છૂટાં પડે છે તોપણ સ્મૃતિઓ નથી છૂટી શકતી. એ સનાતન રહે છે."



મોટર ઊપડતાં પહેલાં કોઈએ પૂછવા ખાતર પૂછ્યું : "તમારું લગ્ન થયું છે?

"હા." ચોગદત્તે જણાવ્યું.

"કોની સાથે?"

"જેની સાથે થવું જોઈએ એમની સાથે—ઈશ્વરની સાથે. એમની સાથેનું લગ્ન જ પરમસુખદાયક બને છે અને અખંડ સૌભાગ્ય અર્પે છે."

મને ભક્તિમતી મીરાબાઈના ઉદ્ગારો યાદ આવ્યા.

'પરણું તો પ્રીતમ પ્યારો,
અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો નાવે વારો રે. મોહન પ્યારા!
મુખડાની માયા લાગી રે મોહન પ્યારા!

મોટર ઊપડી.

હું ચોગદત્તને મને પરમપૂજ્યભાવે પ્રેમપૂર્વક પ્રણામ કરતી જોઈ રહ્યો.

મને એ વાતનો સંતોષ થયો કે આવા વિષમ વિપરીત વખતમાં પણ ભારતની ભૂમિ પર આવા પુણ્યાત્માઓ પ્રકટે છે અને પોતાનું પરમાત્મા પ્રદત્ત કલ્યાણકાર્ય કરે છે. ભારતની ભૂમિ એમને લીધે ઊજળી છે.

# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

## નિદ્રા તથા યોગનિદ્રા

પ્રશ્ન : નિદ્રા તથા યોગનિદ્રામાં કાંઈ તફાવત છે ખરો ?

ઉત્તર : ઘણો મોટો તફાવત છે.

પ્રશ્ન : શો તફાવત છે.

ઉત્તર : નિદ્રાનો અનુભવ તો સામાન્ય રીતે સૌ કોઈને સારુ સહજ હોય છે. મનુષ્યો જ નહીં પરંતુ પશુપક્ષીઓને પણ એનો અનુભવ થતો હોય છે. એના વિષે તો નાનામોટા સૌ કોઈ જાણે છે. પરંતુ યોગનિદ્રા જુદી જ વસ્તુ છે. નામજપ કરતાં કરતાં કે ધ્યાનનો આધાર લેતાં કોઈવાર મન સ્થિરતાનો અથવા એકાગ્રતાનો અનુભવ કરે ને એકાએક લય પામે છે કે શાંત થાય છે. મનની અંતરંગ સાધના દ્વારા પ્રાપ્ત થતી એવી અદ્ભુત અલૌકિક લયદશાને યોગનિદ્રા કહે છે. એવી યોગનિદ્રાની અવસ્થા જેને તેને નથી મળતી, કોઈ કોઈ વિરલ સાધકોને સાંપડતી હોય છે. એ અવસ્થા સાત્વિક કહેવાય છે.

પ્રશ્ન : એને સમાધિનું નામ આપી શકાય કે ના આપી શકાય ?

ઉત્તર : ના આપી શકાય. સમાધિ જુદી જ, વધારે ઊંડી વસ્તુ છે. અને એ તો સમાધિના મંગલમય મંદિરના ઉદ્ઘાટનની શરૂઆતની સહજ અવસ્થા હોય છે. એના અનુભવથી આનંદ અનુભવી, ઉત્સાહપૂર્વક આગળ વધવાથી સમાધિ મળે છે.

પ્રશ્ન : યોગનિદ્રામાંથી સૌને પસાર થવું પડે છે. ? સાધકમાત્રને ?

ઉત્તર : એને માટેનો કોઈ નિશ્ચિત નિયમ નથી કરી શકાતો. છતાં પણ મોટા ભાગના સાધકોને એનો અનુભવ થતો હોય છે એ સાચું છે.



પ્રશ્ન : સમાધિ તથા સાક્ષાત્કાર એક છે ?

ઉત્તર : ના. એ બંને જુદા જુદા છે. સમાધિ સાધન છે અને સાક્ષાત્કાર સાધ્ય. સમાધિનો લાંબા વખતનો અભ્યાસ સ્વરૂપના સાક્ષાત્કારમાં મહત્ત્વની મદદ પહોંચાડે છે. એ બંનેને એક કેવી રીતે કહી શકાય, બંનેમાં દેખીતો જ તફાવત છે.

પ્રશ્ન : તમે મુમુક્ષુને (ઇચ્છા હોય તો) ગમે તેટલા અંતરાયો છતાં સહાય કરી શકો છો. તો તેમાં કયી રીત કામે લગાડો છો ? શક્ય હોય તો કહેજો.

ઉત્તર : મારાથી કોઈ મુમુક્ષુને મદદ મળી છે અથવા સહાય કરાઈ છે એવું તમને ખાતરીપૂર્વક લાગે છે ખરું ? મને તો નથી લાગતું. મેં એવું કહ્યું પણ નથી. મારામાં બીજાને મદદ કરવાની શક્તિ છે જ ક્યાં ? હું મદદ કરનાર છું જ કોણ ? જે મદદ મળે છે તે ઇશ્વર તરફથી જ મળતી હોય છે. આપણે તો માત્ર માધ્યમ છીએ. કોઈ વાર કોઈને માટે પ્રાર્થના કરું છું તે પણ ઈશ્વરને જ કરું છું. એના પરિણામે જે કોઈ સહાય આવે છે તે પણ ઈશ્વરની જ સહાય આવતી હોય છે. એના ઉપર મારો અધિકાર શા માટે રાખું ? એ અધિકાર ઈશ્વરનો જ રહે એ બરાબર છે.

પ્રશ્ન : મને તમારી સાથે તમારી સેવામાં રહેવાની છૂટ આપી શકશો ?

ઉત્તર : ના. મારી એવી કોઈ સેવા નથી જેને માટે કોઈને સાથે રહેવાની છૂટ અપાય. તમે તમારી જ સેવા કરો અને તેને સારુ હું જેની સતત સંનિધિમાં રહેવાની કોશિશ કરું છું તે પરમાત્માની સાથે રહેવાનો પ્રયાસ કરો. જીવનનું સાચું ને સંપૂર્ણ શ્રેય ત્યારે જ સાધી શકાશે. બને તેટલા

વધારે ને વધારે નામજપ કરો. વધારે ને વધારે પ્રમાણમાં ધ્યાન ધરો, પ્રાર્થના તથા સત્સંગનો આધાર લો, અને આત્મનિરીક્ષણ તેમ જ આત્મવિકાસના માર્ગે આગળ વધો. એમ કરવાથી જીવનની સફળતા કે સંસિદ્ધિ સાંપડી શકશે.

પ્રશ્ન : તો પણ તમારી સંનિધિમાં રહેવાની ઇચ્છા તો થાય છે જ.

ઉત્તર : એવી જ ઇચ્છા ઈશ્વરની સંનિધિમાં રહેવાની કરો, એ અધિક ઉપયોગી અને આવકારદાયક થઈ પડશે. એ જ સંનિધિ સદાને માટે ઇચ્છવા જેવી છે. એને લીધે જ સાચું કલ્યાણ કરી શકાશે.

❀

જીવનનું એક માત્ર ધ્યેય પ્રભુપ્રાપ્તિ ને બીજાઓને ઉપયોગી થવાનું જ હોઈ શકે, જીવનની સફળતા–નિષ્ફળતાની મૂલવણી આ ધ્યેયની પરિપૂર્તિ માણસે કેટલા અંશે કરી છે, તેના ઉપર જ છે.

–શ્રી યોગેશ્વર

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
શાંતિભાઈ કનેરીયા
ઓઈલ એન્જીનના ઉત્પાદકો
ઢેબર રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧
ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭



## 'ગીતાનો મર્મ'

શ્રી નર્મદાશંકર પંડ્યા

ચૈતન્ય મહાપ્રભુ સંન્યાસ–દીક્ષા લઈને જગન્નાથપુરીમાં થોડો સમય રહ્યા. તે પછી તેઓશ્રી દક્ષિણ ભારતની યાત્રાએ નીકળ્યા. દક્ષિણ ભારતની યાત્રા દરમિયાન તેઓશ્રી ફરતા ફરતા શ્રીરંગમ્‌માં શ્રીરંગનાથના મંદિરમાં રોજ દર્શન કરવા જતા.

ત્યાં એક નિરક્ષર બ્રાહ્મણ રોજ ગીતાનો પાઠ કરવા બેસતો. તેને સંસ્કૃત પૂરું વાંચતાં પણ આવડતું નહિ અને વાંચતાં વાંચતાં એવી ભૂલો કરતો કે લોકો તેની ખૂબ મજાક ઉડાવતા. તોપણ તે બ્રાહ્મણ ગીતાનું વાંચન કર્યે જતો. તેને ઘણી વાર વાંચતા વાંચતાં રોમાંચ થતો અને નેત્રમાંથી પ્રેમાશ્રુ ટપકી જતાં.

મહાપ્રભુએ તેની પાસે જઈને પૂછ્યું : "ભાઈ, ગીતાના કયા શ્લોકનો મર્મ તને આટલો બધો આનંદ આપે છે?" બ્રાહ્મણ બોલ્યો : "મહારાજ, હું તો મૂર્ખ છું. ગીતાનો વાચ્યાર્થ પણ હું સમજતો નથી, પણ મારા ગુરુની આજ્ઞા હોવાથી હું સાચુંજૂઠું વાંચ્યા જ કરું છું. પણ હું ગીતા વાંચું છું તેટલો વખત મને અર્જુનના રથમાં બેસીને ગીતાનો ઉપદેશ કરનાર ભગવાન કૃષ્ણની મેઘશ્યામલ મૂર્તિનાં દર્શન થાય છે. તેથી કરીને મને ઘણું જ સુખ થાય છે. તેટલા જ માટે ગીતાનો પાઠ છોડી દેવાનું મને મન થતું નથી.

મહાપ્રભુ કહે : "શાબાશ, ગીતાના વાચનનો સાચો અધિકારી તું જ છે; અને તેનો સાચો મર્મ તું જ સમજી ગયો છે." એમ કહીને તેને પ્રેમાલિંગન કર્યું.

આમ એ બ્રાહ્મણનો ભાવ જોઈ મહાપ્રભુને ખૂબ પ્રસન્નતા થઈ, બ્રાહ્મણ પણ મહાપ્રભુના આલિંગનથી ધન્ય બન્યો.

પ્રેમાવતાર–ચૈતન્ય

# સંતનું સર્વ કાંઈ મંગલકારક

શ્રી જગદીશભાઈ ત્રિવેદી

ભગવાન શ્રી કૃષ્ણ વિશે કહેવામાં આવ્યું છે કે मधुराधिपतेरखिलम् मधुरम् । એટલે કે સૃષ્ટિમાં જે કાંઈ મધુર છે તેના અધિપતિ પ્રભુનું સર્વ કાંઈ મધુર છે. તે જ પ્રમાણે આપણે સંત પુરુષો વિષે પણ કહી શકીએ. એમનું આચરણ, વાણી, સ્પર્શ વગેરે હંમેશા હિતકારી હોય છે એ તો ખરું જ પરંતુ તેમના હસ્તાક્ષર પણ એવા જ હિતકારી હોય છે, તેની પ્રતીતિ મને મારી બેંકમાં નવે. '૭૯ની મારી કામગીરી દરમ્યાન થઈ. હું ભાવનગર ખાતે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની સરદારનગર શાખાના મેનેજરની કામગીરી સંભાળું છું.

મહાત્મા શ્રી યોગેશ્વરજીને હું પાંચ–છ વર્ષથી જાણું છું. મોરબીમાં તેઓશ્રીના જાહેર પ્રવચનો હું નિયમિત રીતે સાંભળતો. એ જ રીતે ભાવનગરમાં પણ. એમના પ્રત્યે મને અંગત રીતે ખૂબ આદર ને પ્રેમભાવ.

હવે બન્યું એવું કે નવે. ૭૯માં મહાત્માશ્રી યોગેશ્વરના અધ્યાત્મ માસિકનું કામ કરતા શ્રી નારાયણભાઈ જાની, મારી બેંકમાં સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટનું ખાતું ખોલાવવા આવ્યા. આ ટ્રસ્ટ એટલે મહાત્મા શ્રી યોગેશ્વરજીની સાર્વજનિક હિત માટેની પ્રવૃત્તિઓ કરતી સંસ્થા. તેના પ્રમુખ તેઓ પોતે છે. એટલે ટ્રસ્ટનો એકાઉન્ટ મારી બેંકની શાખામાં ખોલાવવા બદ્દલ મને ખૂબ આનંદ થયો. તેઓશ્રીના હસ્તાક્ષરો જોતાં મને પૂજ્યભાવ થઈ આવ્યો. મને એઓશ્રીના જાણે પ્રત્યક્ષ દર્શન થયા એમ લાગ્યું.



તે દિવસ ૧૪ નવે. ૧૯૭૯નો હતો. તે દિવસે મારી બેંકમાં એક સદ્ગૃહસ્થ આવ્યા અને રૂા. છ લાખની ડીપોઝીટ આપી ગયા! અમારી નાની શાખા માટે આ ઘણી મોટી અનામત હતી. હું છેલ્લા કેટલાક વખતથી મારી શાખાની અનામતોનો લક્ષાંક પૂરો કરવાના પ્રયાસો કરી રહ્યો હતો. આ અણધારી મોટી અનામતથી મારું લક્ષાંક હું વટાવી ગયો તેથી મને નિશ્ચિંત થઈને મારા શ્રદ્ધાળુ હૃદયને થઈ આવ્યું કે ઇશ્વરની જેમ સંત પુરુષનું પણ સર્વકાંઈ મંગળકારી હોય છે. ભગવાને મને એની પ્રતીતિ કરાવી.

❋

## સાચો પ્રભુભક્ત

મેરૂ ડગે જેનાં મન નવ ડગે ને રે...

ભાંગી પડે ભરમાંડ જી!

વિપત પડે પણ વણસે નહિ ને રે...

એ હરિજનનાં પરમાણ જી!

સમગ્ર બ્રહ્માંડ તૂટી પડે તોપણ જેનું મન લેશ ડગે નહિ –સન્માર્ગ છોડે નહિ. ગમે તેવું દુઃખ પડે છતાં જેનામાં લેશ ફેરફાર ન થાય, તેવું જેનું મન હોય તે પ્રભુના ભક્તનુ પ્રમાણ છે.

–ગંગાસતિ

# પ્રકાશના પંથે

શ્રી યોગેશ્વરજી

'પ્રકાશના પંથે' એ પૂ. યોગેશ્વરજીએ લખેલી પોતાની આત્મકથા છે. ડેમી ૮ કદનાં ૧૧૦૦ કરતાં વધુ પાનાંનો એ ગ્રંથ સૌ માટે સુલભ થવાનું સહેલું ન બને! ભાવનગરના શ્રી દીપકભાઈ મહેતાએ કરેલા એ બૃહદ્ ગ્રંથના 'સંક્ષેપ'ના પહેલા હિસ્સાની આ અંકથી પ્રસિદ્ધિ કરીએ છીએ. ક્રમશઃ તે ચાલુ રહેશે. આશા છે કે વાચકોને તે ખૂબ ઉપયોગી થઈ પડશે.

–સં.

## ૧. કથાનું પ્રયોજન અને પ્રારંભ

જીવનના વીતી ગયેલા વખતને ફરીથી યાદ કરવાનું કારણ? જે પ્રસંગો પવનની લહરી અથવા તો પાણીના પ્રવાહની પેઠે કેટલાક કાળ સુધી પીડા કરીને છેવટે પસાર થઈ ચૂક્યા છે; ને કોટિ પ્રયત્ને પણ ફરીવાર જીવી શકાવાના નથી એમને અક્ષરદેહમાં આલેખવાનું પ્રયોજન શું? સ્મૃતિપટ પર સંઘરાયેલા એ પ્રસંગોને સજીવન કરીને શબ્દસ્વરૂપે રજૂ કરવાથી કોઈ વિશેષ અને ઉપકારક હેતુ સિદ્ધ થવાની સંભાવના છે? વીતી ગયેલા જીવનપ્રવાસની એવી પ્રસિદ્ધિ પાછળ કોઈ સાધારણ લૌકિક હેતુ તો કામ નથી કરી રહ્યો? કીર્તિની કમાણી કે લક્ષ્મીની લાલસા તો એના મૂળમાં નથી પડી રહી? આત્મશ્લાઘા, અહંતા અને આપ બડાઈનો અંચળો ઓઢીને આ કામમાં પ્રવૃત્ત નથી થવાયુંને? આપણે કહીશું કે ના. ખૂબ ખૂબ ભાર દઈને કહીશું કે ના. જીવનના પ્રકાશપંથના પ્રવાસની આ પ્રસિદ્ધિ પાછળ કોઈ સાધારણ લૌકિક હેતુ કામ નથી કરી રહ્યો.



મારે એટલું જ કહેવાનું છે કે ભૂતકાળની સ્મૃતિ લગભગ દરેક માણસને થયા કરે છે. વીતી ગયેલા સારા સ્વપ્નની જેમ પસાર થઈ ચૂકેલા જીવનના મીઠા પ્રસંગોને માણસ લાંબા વખત લગી ને વારંવાર યાદ કરે છે. તેમાંથી તેને પ્રેરણા, આનંદ, પ્રકાશ અને શાંતિ મળે છે.

માનવજીવન અત્યંત મૂલ્યવાન છે. દેહધારી માનવને એની અલ્પતાનો અંત લાવી અને એને વધારે ને વધારે ઉચ્ચ તથા ઉજ્જવળ બનાવી છેવટે એને પરિપૂર્ણ કરવાની તક મળેલી છે. તે માટે તેણે પ્રયાસ કરવાનો છે–કહો કે અનવરત પ્રયાસ કરવાનો છે. પ્રકાશના પંથના એ પ્રવાસનું એણે અવારનવાર અવલોકન કરતા રહેવાનું છે ને ધ્યેય સિદ્ધિ ન થાય ત્યાં સુધી જાગ્રત રહીને આગળ અને આગળ ધપવાનું છે. વીતી ગયેલા પ્રસંગોનું સરવૈયું કાઢવાનો એ પણ એક લાભ છે.

મારા સંબંધમાં હું એટલું જ કહી શકું કે આ કામ ઈશ્વરની ઇચ્છાથી થઈ રહ્યું છે. ખરી રીતે તો મારું જીવન આજે વરસોથી ઈશ્વરી ઇચ્છા કે પ્રેરણાની આવૃત્તિ જેવું બની ગયું છે. પોતાની પ્રેરણાનો અનુવાદ ઈશ્વર આજે વરસોથી મારા જીવન દ્વારા કરાવ્યે જાય છે. આત્મકથાના પ્રસંગોને વાંચી જવાથી આગળ પણ એ વાતની યથાર્થતાની ખાતરી થઈ જશે. તેની ઇચ્છા એ જ પ્રયોજન આ આત્મકથા લખવા પાછળ, તેથી વિશેષ કીમતી પ્રયોજન બીજું કયું હોઈ શકે?

કથા આખીયે પ્રામાણિક ને વાસ્તવિક છે એ વાતને યાદ રાખવાથી આશા છે કે બધી જાતના માણસોને આમાંથી કંઈ ને કંઈ ઉપયોગી સામગ્રી અવશ્ય મળી રહેશે. જીવનને પ્રભુપરાયણ કરવાની ઇચ્છાવાળા માણસો કે પ્રકાશને પંથે

પ્રવાસ કરનારા સાધકોને સાધનાના નાના સરખા ઇતિહાસ જેવી આ કથામાંથી, જીવનવિકાસને માટે મદદરૂપ એવી ભરપૂર સામગ્રી મળી રહેશે એ નક્કી છે. પથભ્રાંત કે હતાશ થયેલા સાધકોને આમાંથી માર્ગદર્શન ને નવજીવનની સુખદ સામગ્રી સાંપડશે.

મારે પોતાને માટે તો આ આત્મકથાનો અક્ષરદેહે આલેખાયેલો ક્રમ જુદાં જુદાં તીર્થોની એક સળંગ, વિરાટ, મહામૂલ્યવાન યાત્રા જેવો છે. નાનપણથી મને રોજનીશી લખવાની ટેવ હતી. એટલે જીવનનું અવલોકન કરીને તેનું શબ્દોમાં સરવૈયું કાઢવાની મારી પ્રિય પ્રથા, ઈશ્વરની પ્રેરણાનો પુરસ્કાર પામીને આ આત્મકથાના રૂપમાં પરિણમી રહી છે. સાધનાના પ્રદેશમાં થયેલા અનુભવોમાંના પણ થોડાઘણા જ, જે જાહેર કરવા ઠીક લાગ્યા છે તે જ, જાહેર કર્યા છે.

આ કથામાં મોટે ભાગે આધ્યાત્મિક જીવનના તાણાવાણા જ જોવા મળે તો તેથી કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. મારું આજ સુધીનું જીવન જ આધ્યાત્મિક છે. તેની કથા આત્મિક ઉન્નતિ માટેની સાધનાની જ કથા છે, એટલે આ આત્મકથામાં મોટે ભાગે બીજું આવે પણ શું ?

બાકી તો પરમ પ્રકાશના પાવન પંથના પ્રવાસની કથા પોતે જ કહેશે. તેને શાંતિપૂર્વક વાંચી–વિચારી જવાથી ઘણી ઘણી શંકાનું સમાધાન થઈ જશે. તે પોતે જ હાજર થાય છે પછી છૂટીછવાયી વિચારણાની શી જરૂર છે ? કૂવાથી જે હેતુ સરવાની શકયતા છે તે સરોવરથી સહેજે સરી રહે છે.

*



## ૨. જન્મ

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગભ્રષ્ટ પુરુષની ગતિ વિશેની વાત આવે છે. તેમાં અર્જુને જિજ્ઞાસા રજૂ કરતાં ભગવાન શ્રીકૃષ્ણને પૂછયું છે કે, કોઈ સાધક અધ્યાત્મ માર્ગની શ્રદ્ધાથી સંપન્ન હોય પરંતુ તન, મન અને અંતરના સંયમની સાધનામાં કોઈ કારણથી સફળ ન થયો હોય તે જો યોગ-સાધનામાંથી ચલિત થાય તો તેને યોગની પરમ સિદ્ધિ તો ન મળી શકે પણ કઈ ગતિની તેને પ્રાપ્તિ થઈ શકે ?

તેના ઉત્તરમાં ભગવાને કહ્યું છે કે હે અર્જુન, અધૂરી રહેલી સાધનાવાળા એ સાધકનું કદી અમંગલ થતું નથી. તેવો સાધક શરીર છૂટયા પછી કેટલાક સમય સુધી ઉત્તમ અને પુણ્યવાન લોકમાં નિવાસ કરે છે ને પછી આ પૃથ્વી પર શીલવાન અને પવિત્ર ઘરમાં જન્મે છે. પછી પહેલાના જીવનની અધૂરી રહેલી સાધનાને પૂરી કરવા આ જીવનમાં પ્રયાસ કરે છે. તેના જન્માંતર–સંસ્કાર તેને તે જન્મમાં બાળપણથી જ સાધનાના માર્ગમાં પ્રેરિત કરે છે.

ગીતાની આ વાત ઘણી પ્રસિદ્ધિ પામી ચૂકી છે, અને તેને વારંવાર જુદા જુદા માણસોના સંબંધમાં લાગુ પાડવામાં આવે છે. માણસ શરૂઆતમાં માનવસહજ સાધારણ ગુણધર્મોથી સંપન્ન હોય ને પાછળથી ભારે સાવધાની ને પરિશ્રમથી તેમનો વિકાસ કરીને મહાનતાની પ્રાપ્તિ કરી હોય એ વાતની ખબર હોવા છતાં કોઈને કોઈ અવતારના નામ સાથે તેના નામને સાંકળવાની કોશિશ માણસ કર્યા કરે છે, ને તેમ કરીને સંતોષ મેળવે છે. માણસ મહામહેનતથી પોતાની જાતનું ઘડતર કરીને અસાધારણ બની શકે છે ને મહાન કાર્યો કરી શકે છે, એ વાત હજુ સુધી કેટલાક માણસોના માનવામાં આવતી નથી.

અહીં હું એક વાત જણાવવાની રજા લઉં છું કે ગીતામાં કહ્યા પ્રમાણે હું કોઈ યોગથી ભ્રષ્ટ થયેલો કે અધૂરા યોગવાળો પુરુષ નથી. એ બધા નામે પ્રસિદ્ધ થવાનું મને પસંદ નથી. કેમ કે મારા અનુભવ પ્રમાણે તે સત્ય હકીકતથી વેગળા છે. એટલે ભવિષ્યમાં પણ કોઈ મને તે નામની સાથે સાંકળવાનો પ્રયાસ ના કરે એમ ઇચ્છું છું. તેવો પ્રયાસ કદાપિ થાય તો મિથ્યા માનવામાં આવે એટલું માગી લઉં છું, હું તો ઈશ્વરનો એક સાધારણ બાળક છું અને એ રીતે જ રહેવાનું અને પ્રસિદ્ધ થવાનું પસંદ કરું છું.

મારો જન્મ અમદાવાદ અને ધોળકાની વચ્ચે આવેલા સરોડા ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. પિતાનું નામ મણિલાલ ભટ્ટ ને માતાનું નામ જડાવબેન. સરોડા એક પચરંગી છતાં બ્રાહ્મણની વધારે પડતી વસતીવાળું નાનું સરખું ગામ છે. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ગામની પાસેથી પવિત્ર સાબરમતી વહી જાય છે. ઇ. સ. ૧૯૨૧માં ઓગષ્ટની પંદરમી તારીખે મારો જન્મ. ભારતીય દેશી પદ્ધતિ પ્રમાણે શ્રાવણ સુદી બારસ ને સોમવાર તે વખતે સવારનો સમય હતો. પરંતુ સૂર્યોદય નહોતો થયો. જન્મ પછી દસેક મિનિટે સૂર્યોદય થયો એમ માતાજીનું કહેવું છે.

ઇ. સ. ૧૯૨૧માં ભારતદેશ ગુલામ હતો. પરદેશી સત્તાનું અહીં સામ્રાજ્ય હતું, તેમાંથી છૂટવા માટેની યોજના દેશના ૧૨ નેતાઓ કોંગ્રેસના સંગઠન નીચે ઘડી રહ્યા હતા, તે વાતાવરણમાં મારો જન્મ થયો.

જન્મ વખતે મારી ધનરાશિ હતી તે સહેજ. મારું નામ ભાઈલાલભાઈ પાડવામાં આવ્યું.

*



## ૩. રૂખીબાની સ્મૃતિ

જે ઘરમાં મારો જન્મ થયો હતો તે ઘર તદ્દન સાધારણ ને ઝૂંપડા જેવું હતું. તેમાં માતાજીનાં બા રહેતાં હતાં. તેમનું નામ રુકમણી હતું પણ ગામડાંની રોજિંદી ભાષામાં તે રૂખીબા કહેવાતાં. તે પણ ઘણી જ ગરીબ દશામાં પોતાનું જીવન પૂરું કરતાં. તે લગભગ અભણ જેવાં જ હતાં. છતાં તેમની સમજણશક્તિ ને તેમનું વ્યાવહારિક જ્ઞાન વિશાળ હતું. દયાની તો તે મૂર્તિ હતાં. કોઈનુંય દુઃખ જોઈને તે તરત દ્રવી ઊઠતાં અને બનતી મદદ કરવાનો પ્રયાસ કરતાં. ભક્તિભાવ પણ તેમનામાં ઘણો ભારે હતો. ભજનો ગાવાં–સાંભળવામાં તેમને ખૂબ આનંદ આવતો. ગામના રણછોડજીના મંદિરમાં રોજ રાતે તે દર્શન કરવા જતાં ને ત્યાં ભગવાનની પ્રતિમાનું દર્શન કરતાં કલાકો લગી બેસતાં. ત્યારે તેમના રામમય ને નિર્મળ હૃદયમાંથી પ્રગટેલા ભાવો આંસુના રૂપમાં આંખમાંથી કેટલીયે વાર ટપકવા માંડતા.

એમનું મૃત્યુ ઘણું અલૌકિક રીતે થયું. તે વખતે મારી ઉંમર લગભગ સત્તરેક વર્ષની હશે. વેકેશનનો વખત હતો એટલે હું મુંબઈથી સરોડા આવ્યો હતો. વૈશાખી પુનમનું ગ્રહણ હતું. તે વખતે સાબરમતી સ્નાન કરી દેવમંદિરે દર્શન કરવા ગયાં. તે પછી તેમને તેમના જીવનનો છેલ્લો તાવ આવ્યો.

બીજે દિવસે પણ તાવ ચાલુ રહ્યો. તે દરમિયાન તેમને કેટલાંક અજબ લાગે તેવાં દશ્યો દેખાવા લાગ્યાં. જેનું તે વારંવાર વર્ણન કરવા લાગ્યાં. સાધારણ માણસો તેમની વાતોનાં રહસ્યો સમજી શકે તેમ ન હતાં. એક વાર તો કહેવા લાગ્યાં કે હવે મારે જવાનો વખત થયો છે. આજે વહેલી સવારે બે સંન્યાસી જેવા પીતાંબર પહે-

રેલા માણસો અને એક સુંદર રેશમી વસ્ત્રો પહેરેલી બાઈ મારા ખાટલા પાસે આવ્યાં ને મને કહેવા માંડ્યાં કે તારે વિદાય થવાનો વખત આવી ગયો છે. અમે તને લેવા આવ્યાં છીએ. તારે અમારી સાથે ચાલવાનું છે. એમ કહીને તે મને લેવા માટે તૈયાર થઈને ઊભાં રહ્યાં. મેં એમને ઉત્તર આપ્યો કે અત્યારે ને અત્યારે મારાથી તમારી સાથે આવી શકાય તેમ નથી. સંસારની મને માયા નથી. વિદાય લેવાનો શોક નથી. પરંતુ મારો દીકરો વડોદરામાં છે. અંતકાળે તેને મળવાની ઈચ્છા અધૂરી રહી જાય તે બરાબર નહીં. તે ઈચ્છા પૂરી થાય પછી મને તમારી સાથે આવવું ગમે.

થોડી વાર શ્વાસ લેવા અટકીને વળી કહેવા માંડ્યા કે તેમણે મારી વાત માની લીધી છે. જતાં જતાં કહેતાં ગયાં છે કે હવે અમે આજથી ત્રીજે દિવસે આવશું ને તમને સાથે લેતા જશું. ત્યાં સુધીમાં વડોદરાથી તમારા દીકરા પણ આવી જશે ને તમે તેમને મળી લેશો. માટે હવે હું બેત્રણ દિવસની મહેમાન છું. વડોદરાથી રમણને વહેલામાં વહેલો તેડાવી લો.

રમણભાઈ વડોદરા હતા. તેમને તાર કરીને બોલાવવામાં આવ્યા. તાવ ચાલુ જ રહ્યો. તાવને પાંચમે દિવસે રમણભાઈ આવી પહોંચ્યા. રૂખીબાને સંતોષ થયો. બપોરે ઘીનો દીવો કરાવ્યો ને મને પાસે બેસીને ગીતાપાઠ કરવા કહ્યું. તે પ્રમાણે મેં ગીતાપાઠ પૂરો કર્યો. પછી જે પ્રસંગ બન્યો તે હજી પણ યાદ છે. સાંજે તેમણે રમણભાઈને પોતાની પાસે બેસાડ્યા ને તેમના હાથમાં માતાજીનો હાથ મૂકીને કહ્યું કે, ભાઈ, આ બેન. રમણભાઈ ઘણા જ પવિત્ર અને સમજુ હતા. તેમણે કબૂલ કર્યું કે બેનની સંભાળ હું રાખીશ. તમે ચિંતા ન કરશો. ત્યારે તેમને શાંતિ થઈ.



પછી રાત પડી એટલે કહેવા માંડ્યા કે પેલા સંન્યાસી જેવા બે માણસો ને રૂપાળી સ્ત્રી મારા ખાટલા પાસે આવીને હવે મને જોયા કરે છે. તે કહે છે કે, કેમ ડોશીમા, હવે તમારું કામ પતી ગયું ને? હવે અમારા વચન પ્રમાણે અમે તમને લેવા આવ્યા છીએ. આજે તમારે અમારી સાથે જરૂર આવવાનું છે. એટલે આજે હવે હું જરૂર જઈશ.

તે જ રાતે મધરાત પછી તેમણે દેહત્યાગ કર્યો. મૃત્યુનો વખત પહેલેથી જણાવીને જેણે શરીર છોડ્યું હોય એવી વ્યક્તિ મારી જાણ પ્રમાણે આ પહેલી જ હતી. યોગી કે ભક્તોને મૃત્યુનું જ્ઞાન પહેલેથી થઈ શકે છે. .પણ રૂખીબા કંઈ યોગી, મોટા ભક્ત કે જ્ઞાની ન હતાં. તે તો સાધારણ વ્યક્તિ હતાં. તેમની વિશેષતા તેમનું નિર્મળ ને ભાવભીનું હૃદય હતું. ઈશ્વર પરની તેમની ઊંડી આસ્થા હતી. એટલે જ વિદ્વાનો કહે છે તે સાચું છે કે ઈશ્વરની કૃપા માટે પંડિતાઈની જરૂર નથી. જેની જરૂર છે તે તો સરળ અને સાફ હૃદયની જરૂર છે. તેની હાજરીથી નિરક્ષર પણ અવનવા અનુભવથી સંપન્ન ને સાક્ષર થઈ જાય છે. ને તેની ગેરહાજરીથી ભલભલા પંડિતો પણ કોરાધાકોર ને નિરક્ષર રહી જાય છે.

રૂખીબાની સ્મશાનયાત્રામાં હું પણ સામેલ થયો. સાબરમતીના તટ પર ચિતા ખડકીને તે પર તેમના શરીરને મૂકવામાં આવ્યું. તે પછી પ્રચંડ પાવકજ્વાળા પ્રગટી. સરિતાના શાંત તટપ્રદેશ પર બેસીને મેં શરીરની વિનાશશીલતાની, જીવનની અનિત્યતાની વિચારણા કરી. એની મમતા કર્યા સિવાય એના સદ્બુદ્ધિ સહિતના સમ્યક સદુપયોગ દ્વારા આત્મોન્નતિનાં ઉચ્ચતમ શ્રેયસ્કર શિખરોને સર કરવાનો મેં સંકલ્પ કર્યો.

*

# ૪. માતાપિતાની ઝાંખી

[ ૧ ]

સ્મશાનમાં સળગનારી ચિતા શું કોઈ સાધારણ વસ્તુ છે? ના ચિતા એક જાતની યુનિવર્સિટી છે એમ કહીએ તોપણ જરાય અતિશયોક્તિભર્યું નથી. ફક્ત માણસમાં જરાક જાગૃતિ જોઈએ. મારે માટે ચિતા દરેક વખતે પ્રેરણાદાયક થઈ પડી છે.

રૂખીબાની જેમ અમારું ઘર પણ ગરીબ જ હતું. માતાપિતાની આર્થિક અવસ્થા છેક સાધારણ હતી. તેમનું ભણતર પણ સાધારણ. તે વખતે ગામડામાં ભણતરનું મહત્ત્વ બહુ થોડું મનાતું. બાળલગ્નોની પ્રથા વ્યાપક હતી. એટલે બાળકોને કેળવવા કરતાં ઘર માંડતાં કરવા તરફ મા-બાપોનું ધ્યાન વિશેષ રહેતું. કૂળનો મુખ્ય વ્યવસાય ખેતીનો જે પિતાજીને વારસામાં મળેલો. અમારા કૂળમાં અમારી જાણ પ્રમાણે આગળ પર કોઈ ભક્ત, જ્ઞાની કે યોગીપુરુષ નહોતા થયા. માતાપિતામાં આધ્યાત્મિક સંસ્કાર જરૂર હતા. પિતાજીની સ્થિતિ ઘણી ગરીબ, વળી એકના એક વ્યવસાય ખેતી તરફ તેમને લેણું ન હતું એટલે ગરીબાઈમાં વધારો થયા કરતો. ખેતરમાં જાત-મહેનત ઘણી કરે, પરંતુ ભાગ્ય એવું કે મહેનત મોટે ભાગે માથા પર જ પડે. કોઈ વાર કુદરત રૂઠે તો કોઇ વાર કંઈ બીજું જ બને: કપરી દશા સુધરે જ નહીં. છતાં પણ ઘરમાં ખાવાનું દુઃખ નહતું. ઘી દૂધ પણ સ્વતંત્ર રીતે મળી રહેતાં. વળી માતાપિતા બંને સંતોષી સ્વભાવનાં હોવાથી ઈશ્વર પર શ્રદ્ધા રાખીને બધી દશામાં પ્રસન્ન રહેતાં.

પિતાજી ગરીબ છતાં સ્વભાવના અમીર હતા. તેમનું શરીર તંદુરસ્ત ને પડછંદ હતું. બીજાનું દુઃખ તેમને દુઃખી



કરતું ને તે એને દૂર કરવા પ્રયાસ કરતા. ગામમાં બહારવટિયા આવે ત્યારે તેમનો સામનો કરવામાં તે પહેલા રહેતા. તેમનામાં કેટલાયે સદ્ગુણ હતા, તે ભલાને તેમનું કામ ભલું. દિવસનો મોટો ભાગ તે ખેતર પર જ પસાર કરતા ને જાત-મહેનતથી રળેલું અન્ન ખાતા. તેમને કોઇના પર દ્વેષ ન હતો. સૌની સાથે મૈત્રી હતી. તેમના આ બધા ગુણોને લઈ ને આજે પણ વાત નીકળે છે ત્યારે ગામના માણસો તેમનાં મુક્ત કંઠે વખાણ કરે છે.

ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે તે સાચું છે. તેના વિના જગત શાના આધાર પર જીવત? એટલે પ્રમાણિકતાથી જીવન ચલાવનાર ગામડાના એક ખેડૂતના ઘરમાં જન્મ મળવા બદલ હું મારી જાતને ખરેખર ભાગ્યશાળી માનું છું. તે માટે ગૌરવની લાગણી પણ અનુભવું છું-ઈશ્વરની કૃપા માનું છું. એટલું સાચું છે કે સંસારનું કોઈયે કર્મ અવ્યવસ્થિત કે આકસ્મિક નથી. જે આકસ્મિક લાગે છે તેની પાછળ પણ કર્મની પ્રામાણિક ને ચોક્કસ વ્યવસ્થા કામ કરતી હોય છે. માણસ તેને જાણી નથી શકતો એટલું જ. એટલે સરોડાના નાના ગામમાં એક સાધારણ ખેડૂત કુટુંબમાં થયેલો મારો જન્મ આકસ્મિક ન હતો. તેની પાછળ કર્મની અદ્ભુત કળા અથવા ઈશ્વરની ઈચ્છા કામ કરી રહેલી.

[ ૨ ]

માતાજીમાં પણ નાની ઉંમરથી જ ધાર્મિક સંસ્કારોનું અસ્તિત્વ હતું. ઈશ્વર પરની શ્રદ્ધા તેમનામાં વાસ કરી રહેલી. તેમનું લગ્ન બાળપણમાં થયેલું. તે વખતે સરોડામાં બોધાનંદ ને સોમેશ્વરાનંદ નામે બે સંન્યાસી રહેતા. ગામથી થોડે દૂર એકાંતમાં સિદ્ધેશ્વરી માતાનું મંદિર હતું તેમાં તેમનો ઉતારો હતો. માતાજી અવારનવાર તેમની પાસે જતાં. બોધા-

નંદ તેમના પર ઘણો પ્રેમ રાખતા તે તેમને જસુ કહીને સંબોધતા. બંને સંન્યાસીઓ ભારે વિદ્વાન હતા પણ બોધાનંદ વૈદકમાં પણ પ્રવીણ હતા. માતાજીનો ઘરસંસાર સુખી ન હતો. તેમના શ્વસુરપક્ષના સભ્યો તેમને સતાવવામાં, દબાવવામાં ને નાહક કલેશ કરાવવામાં બહુ રસ લેતા ને તેમનો ઘર-સંસાર દુઃખી થાય તેવા પ્રયાસ કર્યા કરતા. તેથી તે ખૂબ ત્રાસી જતાં. એક વાર તો મરવાનો નિર્ણય કરીને ઝેરી વસ્તુનું સેવન પણ કરી લીધેલું. પણ સદ્‌ભાગ્યે તે બચી ગયાં ને જરૂરી ઉપચારોને અંતે સારાં પણ થયાં. આવા દુઃખી જીવનમાંથી મુક્તિ મેળવવાની કામના તેમના મનમાં કાયમ રહેતી ને તે માટેના ઉપાયો તે વિચાર્યા કરતાં. બોધાનંદની પાસે વારંવાર જવામાં તે પણ એક મહત્ત્વનું કારણ હતું. સાંસારિક જીવન જ્યાં લગી ચાલુ રહ્યું ત્યાં લગી તેમને દુઃખ અને માનસિક અશાંતિનો અનુભવ કરવો પડ્યો.

[ ૩ ]

ખેડૂતના ઘરમાં જન્મ મળવાથી કહો કે કોઈ બીજાં કારણથી કહો પણ મારું જીવન પણ ખેડૂતના જીવન જેવું જ બની ગયું છે તેમ નથી લાગતું ? ખેડૂતના સંસ્કાર મારામાં વારસામાંથી ઊતરી આવ્યા છે. ખેડૂત આખો વખત કુદરતને ખોળે પોતાના કામમાં મશગુલ બનીને જીવન પસાર કરતો હોય છે તેમ મને પણ કુદરત પ્રત્યે પ્રેમ છે અને એકાંતમાં વાસ કરવામાં આનંદ આવે છે. આજે તો મારું જીવન જ કુદરતમય બની ગયું છે.

ખેડૂતનું બીજું વિશેષ લક્ષણ સ્વાવલંબન છે ને મારા જીવનમાં તેણે પણ ઘણો ભાગ ભજવ્યો છે. પ્રકાશના પરમ પંથના પ્રવાસની આ કથા વાંચનારને તેની પ્રતીતિ સહેજે થઈ રહેશે. જીવનમાં સદાયે મેં સ્વાશ્રયી થવા, મારા પોતાના પગ પર



ઊભા રહીને આગળ વધવા ને કોઈનાય આધારે બેસી ન રહેવા પ્રયાસ કર્યો છે. તેથી મને લાભ થયો છે. સાદાઈ, સંયમ ને ઈશ્વરપરાયણતાનું પણ તેવું જ છે. તે પણ મને વારસામાં મળ્યાં છે. હું ખેડૂત મટી ગયો નથી. ઈશ્વરે મને એક પ્રકારની ખેતીને બદલે બીજા પ્રકારની ખેતી સોંપી છે તેટલું જ. હવે આખા જીવનનો ખેડૂત છું અને સમગ્ર જીવનની ખેતી કરી રહ્યો છું. જીવનની જમીનને સંયમ અને શ્રદ્ધાના હળ તથા બળદથી ખેડી, ઈશ્વરના પ્રેમનું બીજ વાવવું પડે છે. ભક્તિની વર્ષાને તે પર વરસવા દઈને જ્ઞાનના સૂર્યનાં કિરણોનો લાભ આપવો પડે છે. ત્યારે તેમાં સિદ્ધિ, શક્તિ, શાંતિ, પરમાત્મપ્રાપ્તિ કે પૂર્ણતાનો પાક ઊતરે છે. ઈશ્વરની કૃપાથી એ ખેતી હજી ચાલુ જ છે.

❋


સારા બનો – સારાં કાર્યો કરો.

હરેક પ્રકારના મોતીના સેટ, ચાંદીના દાગીના
તેમ જ ઈમીટેશન આઈટમના જથ્થાબંધ
તથા છૂટક વેપારી

મોતીના સેટ બનાવવા માટે રૂબરૂ મળો

**શાહ જ્વેલર્સ**

ફોન : P.P. ૨૩૨૪૮

કાલાવાડ રોડ, જલારામ પ્લોટ, સિસ્ટર
નવોદિતા સ્કૂલ પાસે, પુરુષાર્થ, રાજકોટ

રામાયણનાં રત્નો

# સરલ સુભાવ ન મન કુટિલાઈ

નાનુરામ દુધરેજિયા

એક મિત્રે પૂછ્યું : રામાયણની કોઈ એવી ગુટિકા ખરી જે આપણા બધા રોગની દવા બની રહે?

પ્રશ્ન આપણા સૌના મનનાં વર્તમાન વલણોનો સૂચક મનાય. અત્યારે સૌ આવું ઇચ્છે છે કે કોઈ એક દવા એવી ખરી કે જે રોજ લઈ લઈએ તો બધી જ ક્ષમતા જળવાઈ રહે?

મેં એમને કહ્યું : ઘણી બધી છે. તુલસીદાસજીએ પાર વિનાની આવી ગુટિકાઓ બનાવી છે જે ભિન્ન ભિન્ન પ્રકૃતિ અને રુચિવાળાને માફક આવે.

એવી નહિ. એમાં પહેલાં મારે મારી પ્રકૃતિ સંબંધી નિર્ણય કરવો પડે. અને તે કરવાનું સહેલું નહિ, તેથી ભળતી ગુટિકા લેવાઈ જવાનો સંભવ રહે. કોઇ એવી ગુટિકા કહો જેનું સેવન સૌ કોઈ કરી શકે.

મેં થોડું વિચારીને કહ્યું : રામાયણમાંની એવી એક ગુટિકા આ રહી : "સરલ સુભાવ ન મન કુટિલાઈ" માણસ જો સ્વભાવે સરલ બની રહે અને મનમાં લેશ કુટિલાઈ ન રહેવા દે તો તે શ્રેયસ્કર એવું બધું મેળવી રહે. બધા રોગ દૂર થઈ રહે.

માનસની આ ચોપાઈ ભગવાન શ્રીરામને મુખે બોલાઈ છે—અયોધ્યાની પ્રજાને ઉપદેશ આપતાં.



અયોધ્યાની પ્રજા એટલે આપણે સૌ, સમગ્ર માનવ જાત! અને ભગવાન રામ એટલે સમગ્ર માનવનું કલ્યાણ કરનારા, હિત કરનારા ઉત્તમોત્તમ વૈદ. આમ આ પંક્તિ તે ઉત્તમોત્તમ વૈદ દ્વારા, સમગ્ર માનવજાતને—એટલે કે બધી પ્રકૃતિના લોકોને કહેવાયેલ હોઈને તેની સર્વોપયોગિતા અન્ય કોઈ રીતે સિદ્ધ કરવાનું જરૂરી લાગતું નથી.

સરલનો આપણે અર્થ જોઈએ : સરલ એટલે છળકપટ રહિત. જેવું અંદર એવું જ બહાર. અંતર–બાહ્ય ઐક્ય. બીજા શબ્દોમાં કહીએ તો કથની અને કરણીની એકતા તેનું નામ સરળતા.

માનવીની કથની અને કરણી આજે એક નથી, તે જ કારણ આજની અનેક માનવ સમસ્યાના મૂળમાં છે, એક સંતનું વાક્ય છે :

**કહના મિસરી ખાંડ હૈ, રહના તાતી ધાર**

કથની – કહેવું – બોલવું એ ઉત્તમ પ્રકારની સાકર જેવું છે. એ ચગળવામાં મઝા આવે છે, કશો શ્રમ પડતો નથી. જ્યારે રહેના – એવું વર્તન કરવું – કરણી તીક્ષ્ણ ધાર પર ચાલવા જેવું કઠિન છે. આ કારણે બોલવામાં – ઉપદેશ આપવામાં કોઈ પાછું વાળીને જોતું નથી, પરંતુ એમાંનું કશુંય એમના જીવનમાં – એમના વર્તનમાં ભાગ્યે જ હોય છે!

**પર ઉપદેસ કુસલ બહુતેરે, જે આચરહિં તે નર ન ઘને રે.**

અન્યને ઉપદેશ દેનારા ઘણા છે, તેનું આચરણ કરનારા ઘણા હોતા નથી.

સ્વભાવની આવી સરલતા તો જ આવે જો મનમાં કુટિલતા ન હોય.

કુટિલતા એ સારી વસ્તુ ન હોવાનું આપણે સૌ જાણીએ છીએ, આમ છતાં કુટિલતા–કપટતાની ભયાનકતાનો પૂરો ખ્યાલ ન હોય તે સંભવિત છે.

ભગવાન શિવ કુંભજ ઋષિ પાસેથી કથાશ્રવણ કરીને પાછા ફરે છે ત્યારે ત્રેતાયુગ ચાલી રહ્યો છે અને સીતાહરણ થતાં શ્રીરામ વિહ્વળ બની જંગલનાં વૃક્ષ–વેલીઓને પણ પૂછી રહ્યા છે: 'તુમ દેખિ સીતા મૃગનૈની?' એ વખતે શિવજી સતિ સહીત ત્યાંથી પસાર થાય છે. પ્રસંગ સાનુકૂળ નથી એવું માની ભગવાન શંકર દૂરથી જ 'જય સચ્ચિદાનંદ' બોલી વંદન કરીને આગળ વધી જાય છે.

સતિને સંશય થાય છે: સચ્ચિદાનંદ બ્રહ્મ શું આવા હોય? ગમે તેવો વિરહી પણ વૃક્ષ–વેલીને થોડો પૂછે? સચ્ચિદાનંદ બ્રહ્મ આવા હોય જ નહિ. બીજી બાજુ પોતાના પતિને માટે પણ તેમને માન છે કે એ કંઈ સચ્ચિદાનંદ ન હોય તેને સચ્ચિાદાનંદ કહીને હાથ જોડે નહિ!

પોતાના મનની શંકા શિવ સમક્ષ મૂકે છે. શિવ સમજાવે છે. વિવિધ રીતે સમજાવે છે, પણ શંકા દૂર થતી નથી. ત્યારે છેવટ કહે છે કે; 'જાઈ પરીછા લેહૂ' – જાઓ, અને પરીક્ષા લો.

પરીક્ષા માટે શિવપત્ની સતિ, સીતાનું રૂપ લે છે. રામ ઓળખી જાય છે, સતિને પસ્તાવો થાય છે. મૂઝવણ એ થવા લાગી: 'જાઈ ઉતરુ અબ દેહઉં કાહા?–હવે શિવ સમીપ જઈને જવાબ શું આપીશ? અને આખરે ભગવાન શિવની અર્ધાંગના જેવી એ વખતના સંસારની મહાન અને આદરણીય મહિલા શિવની પૃચ્છાના પ્રત્યુત્તરમાં કહે છે: ''કછુ ન પરીછા લિન્હિ ગોસાઈં''–મેં કશી પરીક્ષા લીધી નથી, આપની માફક પ્રણામ કરીને પાછી આવી છું.



શંકરને ગળે સતિની વાત ઊતરતી નથી. ધ્યાન ધરતાં સાચી વાત સમજાય છે, અને શિવજી સતિના ત્યાગનો મનમાં નિર્ણય લે છે. અહીં તુલસીદાસજી ટિપ્પણી કરે છે:

**જલુ પય સરિસ બિકાઈ દેખહુ પ્રીતિ કિ રીતિ ભલિ,**
**બિલગ હોઇ રસુ જાઈ કપટ ખટાઈ પરત પુનિ.**

પાણી અને દૂધ વચ્ચે અદ્‌ભુત મૈત્રી છે. દૂધમાં રહેલું જળતત્ત્વ–પાણી પણ દૂધ જ મનાય છે–દૂધના ભાવે જ વેચાય છે. જે ભાવ દૂધનો એ જ ભાવ તેની અંદર રહેલા પાણીનો! સમાનતા એ મૈત્રીનો પાયો છે.

મિત્રની કસોટી–આપદ કાલ પરિખિય ચારિ. આપત્તિમાં મિત્રની મૈત્રીની કસોટી થાય. દૂધ ગરમ કરવા મુકાય, સહેજ ઝાળ સ્પર્શે ત્યાં પાણી વિચારે: અરે મારા મિત્રને અગ્નિ પર ચઢવું પડ્યું? મને મફતિયાને તેણે કિંમતવાન બનાવ્યું. મારી ફરજ છે કે હું તેની મુશ્કેલી મટાડું. ગરમ મુકાયેલ દૂધમાંનું પાણી પહેલું બળવા લાગે છે.

પાણી બળવા માંડે–એ દૂધ જોઈ કેમ શકે? તો તો એ મિત્ર શાનું? એટલે એ વિચારે છે કે લાવ જે અગ્નિ મારા મિત્ર પાણીને બાળી રહ્યો છે તેને જ બુઝાવી દઉં. અને તે ઊભરાઈને તપેલી બહાર નીકળી અગ્નિ પર પડવા લાગે છે.

તુલસીદાસજી કહે છે કે જળ અને દૂધ વચ્ચેની પ્રીતની આ ઉમદા રીત તો જુઓ! પરંતુ આવા અપ્રતિમ પ્રેમમાં કપટ-રૂપી ખટાશ (છાશ)નો એક છાંટો પડી જાય તો મૈત્રી તૂટી જાય છે–બંને અલગ થઈ રહે છે–દૂધતત્ત્વ : જલતત્ત્વ જુદાં પડી જાય છે.

નજીવા છાશના ટીપા જેમ નાનકડું કપટ–કુટિલતા પ્રેમ જેવી મહાન વસ્તુને છિન્નભિન્ન કરી નાખે છે. આવી કુટિલ

તાને મનમાંથી દૂર કરવી જ જોઈએ. બહુ નાનકડી પણ ખરાબ વસ્તુ ઘણા બધા સદ્ગુણો–સારી વસ્તુઓનો નાશ કરી દેતી હોય છે : કર કલ્યાન અખિલ કૈ હાનિ. – સતિનો પ્રેમ જળી ગયો અને આખરે એના દેહને પણ બળી જવું પડ્યું !

એક બીજી રીતે વિચારીએ તો સરલતા ન હોવી તે જ કુટિલતા છે. મન, વચન કર્મની એક્તા તે સરળતા અને તેનું જુદાપણું તે કુટિલતા.

સરલ સ્વભાવ હોય અને મનમાં કુટિલતા ન હોય તે મોટામાં મોટું ધર્માચરણ બની રહે છે.

ધર્મની વ્યાખ્યા તુલસીદાસજીએ આવી કરી છે :

પરહિત સરિસ ધર્મ નહિં ભાઈ,
પર પીડા સમ નહિં અધમાઈ.

પરહિત–પારકાનું ભલું સરલતા હોય તો જ થાય. એટલે સરલ સ્વભાવ તે ધર્મસાધનાનું માધ્યમ થયું. પર-પીડાને અધમતા ગણાવી. કુટિલતા હોય તો જ પારકાને પીડવાની વૃત્તિ થાય. આમ ' ન મન કુટિલાઈ ' એટલે પાપથી મુક્તિ, અને ' સરલ સ્વભાવ ' તે ધર્મસાધના છે.

બાઈબલ વાક્ય છે : Love is God

જડ ચેતન જગ જીવ જત સકલ રામમય જાનિ

માત્ર માનવી કે પ્રાણીઓ જ નહિ, જડ–ચેતન અને જગતનાં બધા જીવ જંતુઓને પણ રામમય માની તેના તરફ પ્રેમ, આદર, બતાવવાનો છે. આવો પ્રેમાદર સરળતા વિના શક્ય ન બને. એટલે ' સરળ સ્વભાવ ' તે સમગ્ર પ્રત્યે આદર અને સ્નેહ વર્ષાવતી અંદરના પરમાત્મ તત્ત્વની અભિવ્યક્તિ



છે આમ આ " સરલ સ્વભાવ ન મન કુટિલાઈ " એ માનવ સુધારણા માટે, માનવમાંથી દેવ બનાવવા માટેની ઉત્તમોત્તમ ગુટિકા છે.

એક વાતની લાલબત્તી ધરીને આ વિચારણા પૂરી કરીશું, તે એ કે, આપણા સ્વભાવમાં સરળતા દેખાય તે કૃત્રિમ તો નથી ને ? ઘરના દીવાનખાનામાં સુશોભન માટે બગીચામાંની ફૂલ સહિતની પાંદડાની ડાળખી પણ ફૂલદાનમાં ગોઠવી શકાય છે, તેમ કાગળ કે પ્લાસ્ટીકના બનાવેલ ફૂલ પાંદડાની ડાંખળી પણ–ગોઠવી શકાય છે. આવી ડાંખળીનાં પાન અને ફૂલનો રંગ એવો હૂબહૂ અને ઉત્તમ હોય છે કે તે પેલાં સાચાં ફૂલ અને સાચાં લીલાં પાંદડા કરતાં ય વધુ આકર્ષક દેખાતાં હોય છે. જોનારને ભુલાવામાં નાખી દેતાં હોય છે !

આવા કૃત્રિમ દેખાવાની તાલીમ વર્તમાનમાં ખૂબ વિક-સેલી છે. એટલે ' સરલ સુભાઉ ને મન કુટિલાઈ ' જેવું અનુભવાય ત્યારે નક્કી કરવું એ રહ્યું કે તે અસલ બગીચાના છે કે પછી કાગળ પ્લાસ્ટીકનાં ? સાચાની કિંમત અમૂલ્ય છે,– કૃત્રિમનું કશું બહુ મોટું મૂલ્ય નથી !

❋

---

We add something to personality of mens wear your achieve position in Society

BY WEARING PANCHOLI'S

SUIT - PENTS BUSH - SHIRTS AND SAFARI AND SAFARI ETC.

**Pancholi Tailoring Firm**

Dandia Bazar, BARODA - 390001. Phone : 53632

## વંદન કરીએ

વંદન કરીએ ગુરુજી તમને, આજે શત શત વાર રે
વંદન કરીએ ગુરુજી તમને.

ગુરુ છે બ્રહ્મા ને ગુરુ છે વિષ્ણુ, ગુરુ છે પર બ્રહ્મ સમાન રે;
દેવ સમા ગુરુને આજે, નમીએ વારંવાર રે.
વંદન કરીએ ગુરુજી તમને.

પવિત્ર, સંયમી, શાંત સ્વરૂપના, પ્રેમના મૂર્ત સ્વરૂપ રે;
જ્ઞાન, યોગ, ભક્તિથી ભરેલા યોગેશ્વર ગુરુદેવ રે.
વંદન કરીએ ગુરુજી તમને.

મનોરથ બધા થાય સફળ ને, ક્લેશ કષ્ટ કપાય રે;
કૃપા કરો તો પલક માત્રમાં, તાપ ત્રિતાપ કપાય રે.
વંદન કરીએ ગુરુજી તમને.

સર્વ સમર્થ તમે છો સાચે, જીવનના રખવાળ રે;
અશક્યને પણ શક્ય કરી દો, કૃપા તણા ભંડાર રે.
વંદન કરીએ ગુરુજી તમને.

કોટિ કોટિ નમન હો તમને, સ્વીકારજો ગુરુદેવ રે;
ભક્તિ, ભાવ ભરી દો ઉરમાં, બતાવો દિવ્ય સ્વરૂપ રે.
વંદન કરીએ ગુરુજી તમને.

નિર્મળા મોહનલાલ ટેલર


❋

દીર્ઘકાળ સુધી વૃદ્ધજનોનો સહવાસ કરવો જોઈએ. દીર્ઘકાળ સુધી તેમની સેવામાં રહીને તેમનું સન્માન કરવું જોઈએ. દીર્ઘકાળ સુધી ધર્મનું સેવન કરવું જોઈએ, અન્વેષણ પણ દીર્ઘકાળ સુધી કરવું જોઈએ.

ગૌતમ મહર્ષિ

પવિત્ર જીવનમાં જ પ્રભુનો પૂર્ણ પ્રકાશ અભિવ્યક્ત થાય છે, માટે જીવનને બને તેટલું શુદ્ધ ને પવિત્ર રાખવા પ્રયાસ કરો.

— શ્રી યોગેશ્વર



**ASHOK**

**Construction Company**

14, Atul Park
Kareli Baug
BARODA – 18

Phones :
O / 66289, 65235 R / 64652, 65296

'ADHYATMA' Regd. No. G.BV.113

Estd. 1969

# LUMINIOUS TRADERS

31, Dilip Singh Colony, Indore (M.P.)

Phone : 33736

*Manufacturers of*

**Road Traffic Signs**

**Road Equipments □ Steel Fabricators**

□ सन्तुलित वेग – सुरक्षित जीवन ।

□ जीवन आपका है इसे बचाईए ।

□ शायद आपके परिवार के लोग आपकी प्रतिक्षा में है ।

—o—

□ Safety first, speed afterwards.

□ Somebody is waiting for you at your home.

□ Save life, it may be your own.

□ Don't mix alcohol and driving.

□ Speed thrills but kills.

ટાઇટલ : સરસ્વતી પ્રેસ મુદ્રિત